મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, આણંદ, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2015/62482

મહેસાણા

# લોકાર્પણ

તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 નિવાસી તંત્રી : અપૂર્વ રાવળ - 96879 46130 (Tele/Fax) 079 - 2321 1379

Printer / Publisher / Owner / Editor : Gaurang Dipakbhai Pandya • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382028 • Published : C/o. Harish Choksi, Bapusinh Ni Khadki, Vaheravasan, At. & Ta. Vijapur, Dist. Mehsana-382870 (GUJARAT)

• વર્ષ 4 • અંક 284 • દિનાંક 13-01-2019 • રવિવાર • વિક્રમ સંવત 2075 • પાના 4 • કિંમત : 50 પૈસા (વિતરણ ખર્ચ અલગ) • email : lokarpandaily@gmail.com • www.govtofgaurang.com

### ૧૪૫૮ વિદ્યાર્થીઓને ૧.૨૭ ક્રરોડની સ્કોલરશીપ સર્વ વિદ્યાલય કડી પરિવાર દ્વારા એનાયત કરાઇ

# શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ મેરીટ દ્વારા સ્કોલરશીપ

કડી,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં પૂર્વ ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના આર્ષદ્રષ્ટા પ્રેસિડેન્ટ માણેકલાલ એમ.પટેલની સાતમી પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય સ્કોલરશીપ કાર્યક્રમ યોજાઈ ગયો.આ સ્કોલરશીપ માણેકલાલ એમ.પટેલ ની પુણ્યતિથિએ જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.૭૧૭ ભાઈઓ અને ૭૪૧ બહેનો ,આમ કુલ ૧૪૫૮ વિદ્યાર્થીઓને આ સ્કોલરશીપ નો લાભ મળ્યો છે.જે પૈકી ૮૪૪ વિદ્યાર્થીઓને મેરીટ સ્કોલરશીપ રૂ.૭૭,૦૨,૬૬૯ આપવામાં આવી,અને ૬૧૪ વિદ્યાર્થીઓને રૂ.૪૯,૪૯,૩૮૪ જેટલી માતબર રકમની મીન્સ (ફી માફી) આપવામાં આવી.એમ કુલ મળી ૧૪૫૮ વિદ્યાર્થીઓને રૂ. ૧,૨૬,૫૨,૦૫૩ જેટલી માતબર રકમની સ્કોલરશીપ સંસ્થાની જુદી જુદી શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવી. આ પ્રસંગે કડી સર્વ



વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ડૉ.ગાર્ગી રાજપરાએ વિદ્યાર્થીઓનાં ઘડતરમાં શિક્ષક અને સંસ્થાના યોગદાનની જાણકારી આપી હતી.સંસ્થાના પ્રમુખ ડૉ.કનુભાઈ પટેલે સર્વે દાતાશ્રીઓનો પરિચય કરાવી તેમની સંસ્થા પ્રત્યેની લાગણીને બિરદાવી હતી.કાર્યક્રમમાં પધારેલા ગાંધીનગર સ્થિત VPMP પોલીટેકનીકનાં દાતાશ્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું કે સંસ્થાના વિકાસમાં સંસ્થાનાં કર્ણધારો પુ.છગનભા, પુ.માણેકલાલ સાહેબ થી લઈને વર્તમાન કર્ણધારો ડૉ.કનુભાઈ અને ચેરમેન વલ્લભભાઈ પટેલનાં વિદ્યાર્થી વિકાસનાં અભિગમ દ્વારા સંસ્થાની વિકાસ ગાથાની વાત કરી હતી.કે.એસ.વી. યુનીવર્સીટીની નર્સિંગ કેમ્પસના દાતાશ્રી ભગુભાઈ પટેલે જણાવ્યું હતું કે 'નો સ્ટડી - વિધાઉટ કડી'એ સૂત્ર ખુબજ સાર્થક છે.એમને વધુમાં જણાવ્યું હતું કે ૫૪૦૦૦ વિદ્યાર્થીઓ અને ૪૫૦૦ થી પણ વધુ સ્ટાફ જેમાં હોય તે સંસ્થાનું બજેટ એક રાજ્યના શિક્ષણવિભાગથી પણ વધુ હોય તે સંસ્થાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવું મારા માટે ગૌરવની બાબત છે. ગુજરાતમાં આવી પહેલી ખાનગી સંસ્થા હશે જે વિદ્યાર્થીઓના હીતને ધ્યાને રાખીને કામગીરી કરે છે. છેલ્લા સાત વર્ષથી મોટી રકમ વિદ્યાર્થીઓ માટે ફાળવે છે. અમને ગર્વ છે કે અહીંના વિદ્યાર્થી સંસ્થા તથા શિક્ષણનું ઋણ અદાકરે છે.સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે આ સંસ્થામાં ભણતા મોટા ભાગના વિદ્યાર્થીઓ મધ્યમ પરિવારમાંથી તથા ખેડૂતના દીકરા દીકરીઓ છે.તેમના માતા પિતા કાળી મજુરી કરીને બાળકોને અભ્યાસ માટે મોકલતા હોય ત્યારે ગુજરાતની એક અગ્ર્યગણ્ય સંસ્થા તરીકે આ ગરીબ વિદ્યાર્થીઓનો અભ્યાસ આર્થિક કારણોસર અધવચ્ચે બંધ નાં થઈ જાય તે જોવાની અમારી જવાબદારી છે. કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, સંસ્થાની સ્થાપનાથી સ્વીકારે છે કે, "શિક્ષણ જ સાચી સેવા છે." તથા છગનભા દ્વારા આપવામાં આવેલ "કર ભલા હોગા ભલા" સૂત્રને સાર્થક કરવામાં સંસ્થાના દરેક ટ્રસ્ટી મંડળના સભ્યો,સહિત શિક્ષકો અથાગ પ્રયાસ કરે છે. પૂર્વ વિદ્યાર્થીઓ અને દાતાશ્રીઓ દ્વારા સંસ્થાના વિચારની પૂર્તિ કરવામાં પાછીપાની કરતાં નથી. વધુમાં તેઓએ સ્કોરલરશીપ મેળવનાર વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કહ્યું હતું કે, સ્કોલરશીપ મેળવનાર વિદ્યાર્થીની આજથી જવાબદારી બમણી થાય છે. આ સાથે સમાજની અપેક્ષા તમારાથી ઘણી વધે છે. જેને પૂર્ણ કરવા હવે તમારે વધુ મહેનત કરવાની રહેશે. પૂર્વ ચેરમેનશ્રી સ્વ. માણેકલાલ પટેલને યાદ કરતાં કહ્યું હતું કે, એમનાં વિચારોને ચરિતાર્થ કરવા એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.કેમ્પસ ડાયરેકટર ડૉ.અજયભાઈ ગોરે આભારવિધિ દરમ્યાન દાતાશ્રીઓનો આભાર માની જણાવ્યું હતું કે આજે હજારો વિદ્યાર્થીઓનાં મુખ ઉપર સ્મિત જોઈને પુ.માણેકલાલ સાહેબનાં આત્માને ખુબજ આનંદ થયો હશે.

## કડી JCI દ્વારા પૂ. સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી કરવામાં આવી




(પ્રતિનિધિ) કડી,

કડી જેસીઆઈ દ્વારા સ્વામી વિવેકાનંદની જયંતીની ઉજવણી કરવામાં આવી મેઘના હાઈસ્કૂલમાં વકૃત્વ સ્પર્ધા રાખેલ તેમાં શાળા ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્વામી વિવેકાનંદ ઉપર સરસ રજૂઆત કરી હતી તેમાં પ્રથમ અને બીજા નંબર આવેલ વિજેતાને ઈનામ આપી સન્માન કરેલ આ પ્રસંગે દ્વષ્ટૈ કડીના પ્રમુખ સંકેત પટેલ ,સેક્રેટરી વિનીત ખમાર,જેસીચેર પર્સન ઉષા પટેલ, ઝોન ૭ ના ઝોન ઓફિસર જેસિરેટ રૂપાલ ગૌસ્વામી અને જેસી રેટ અલકા જાડેજા તથા જેસી રેટ,જેસી મિત્રો ની હાજરી આપી હતી તથા શાળાના પ્રિન્સિપાલ અને શાળાના સંચાલક પણ હાજર રહ્યા હતા અને ઉત્સાહપૂર્વક સ્વામી વિવેકાનંદની જયંતીની ઉજવણી કરી હતી.

## અનિલ કપૂર અને જુહી ચાવલા વર્ષો પછી ફરી એક સાથે પરદા પર



(પ્રતિનિધિ) મહેસાણા,

ફિલ્મ'એક લડકી કો દેખા તો ઐસા લગા'નું ટ્રેલર દર્શકોને ખુબ ગમ્યું છે. આ કારણે ફિલ્મની કનિદૈ લાકિઅ આતુરતાથી રાહ જોવાઇ રહી છે. ફિલ્મમાં અનિલ કપૂર સાથે તેની પુત્રી સોનમ કપૂર તો છે જ, પણ આકર્ષણની બાબત હોય તો એ છે અનિલ અને જુહીની જોડી. કનિદૈ લાકિઅ આ બંનેએ વર્ષો અકિલા પહેલા 'બેનામ બાદશાહ', 'જુઠ બોલે કૌઆ કાટે' અને 'સલામ એ ઈશ્ક' તથા 'લોફર' જેવી હિટ ફિલ્મમાં સાથે કામ કર્યુ છે. આ ફિલ્મોમાં કનિદૈ લાકિઅ બંનેની જોડી પણ દર્શકોને ખુબ ગમી હતી. હવે વર્ષો પછી અનિલ અને જુહી ફરીથી સાથે અકીલા જોવા મળશે. રાજકુમાર રાવ પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં કનિદૈ લાકિઅ છે. અનિલ કપૂર આગામી ફિલ્મમાં માધુરી દિક્ષીત સાથે પણ વર્ષો પછી જોવા મળવાનો છે. ફિલ્મમાં માત્ર જુના જમાનાનો રોમાન્સ નહિ, વર્તમાન સમયની નવી કનિદૈ લાકિઅ પ્રેમ કહાની પણ છે. ફોકસ સ્ટાર સ્ટુડિયો પ્રસ્તુત આ ફિલ્મનું નિર્માણા વિધુ વિનોદ ચોપડા અને રાજકુમાર હિરાણીએ કર્યુ છે. નિર્દેશન શૈલે ચોપડાનું કનિદૈ લાકિઅ છે. પહેલી ફેબ્રુઆરીએ ફિલ્મ રિલીઝ થશે.



ચાણસ્મા તાલુકા ના પીપળ ગામ મા આજ રોજ તા. ૧૨-૧-૨૦૧૯ ના શનિવારે શ્રી બી. એસ. પટેલ સર્વોદય હાઈસ્કૂલ પીપળ ના પ્રાંગણમાં "ભવ્ય પતંગોઉત્સવ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા ના તમામ વિદ્યાર્થી ભાઇ - બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં આખું મેદાન બાળકો ના એ.. કાપ્યો છે ના નાદ થી ગૂંજી ઊઠ્યું હતું. આ પતંગોઉત્સવ માં સૌથી વધુ પતંગ કાપનાર પ્રથમ પાંચ વિદ્યાર્થીઓ ને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પતંગોઉત્સવ માં શાળા ના આચાર્ય શ્રી સી. એમ. રાવળ, શિક્ષકગણ માં શ્રી હસમુખ ભાઈ પટેલ, શ્રી અશોક ભાઈ પટેલ તેમજ સેવક શ્રી મહેશભાઈ વગેરે હાજર રહી ને તેમજ બાળકોને નાસ્તો આપી ને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## પીએમ મોદીને ચૂંટણી જંગમાં ટક્કર આપશે હાર્દિક પટેલ?

(એજન્સી) નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશમાં સપા બસપાના સંભવિત ગઠબંધન વચ્ચે લોકસભા ચૂંટણીની તૈયારીઓ અંગે એક મોટા સમાચાર આવી રહ્યાં છે. આ ગઠબંધન પીએમ નરેન્દ્ર મોદીને વારાણસીમાં ઘેરવાની તૈયારી કરી રહ્યું છે. વારાણસીમાં એક મોટો રાજકીય સંદેશ આપવાની ગરજ હેઠળ સપા બસપા ગઠબંધન પોતાનો સયુંક્ત ઉમેદવાર મેદાનમાં ઉતારી શકે છે. જે અંગે સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ બંને પાર્ટીઓથી અલગ કોઈ મજબુત દાવેદાર પર દાવ લગાવી શકે છે. આ જ કારણે સૂત્રોના જણાવ્યાં મુજબ ગુજરાતના પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલને વારાણસીથી ગઠબંધન તરફથી ઉમેદવાર બનાવવામાં આવી શકે છે.

## 'ફોર મોર શોટ્સ પ્લીઝ'નું ટ્રેલર રિલીઝ




(પ્રતિનિધિ) મહેસાણા,

લાંબા સમયથી ચર્ચામાં રહેલી વેબ સિરીઝ 'ફોર મોર શોટ્ર્સ પ્લીઝ'નું ટ્રેલર રિલીઝ થઈ ચૂક્યુ છે. આ વેબ સિરીઝ એમેઝોન પ્રાઈમ વીડિયો પર ૨૫ જાન્યુઆરી થી પ્રસારિત થશે. ૨૫ જાન્યુઆરી થી ૨૦૦ દેશમાં આ વેબસિરીઝ પ્રસારિત થશે. પ્રાઈમ ઓરિજિનલ સિરીઝમાં સયાની ગુપ્તા, કીર્તિ કુલ્હારી, બાની જે અને માનવી ગગરુ લીડ રોલમાં છે. તો પ્રતીગ બબ્બર, નીલ ભૂપલમ્, લિસા રે, સપના પબ્બી, અમૃતા પુરી, મિલિંદ સોમણ પણ મહ્ત્વના રોલમાં દેખાશે. પૉપ કલ્ચરના સંદર્શ સાથે મોડર્ન મહિલાની વિચારધારા અને મગજને સમજવા માટે 'ફોર મોર શોટ્ર્સ પ્લીઝ' જોઈ શકાય.

## "યાત્રાધામ અંબાજીમાં સફાઈ અભિયાન યોજાયું"





(પ્રતિનિધિ) અંબાજી,

ગુજરાત ના મોખરાના યાત્રાધામ અંબાજી ગુજરાત અને દેશ નું પ્રતીક છે આ ધામ રાજસ્થાન બોર્ડર અને સરસ્વતી નદી કિનારે આવેલું છે અંબાજી ધામ અરાવલી પહાડો માં આવેલું હોઈ આ ધામ આદ્યશક્તિપીઠ તરીકે ભારત ભર માં જાણીતું બન્યું છે આજે અંબાજી ના ડીકે સર્કલ પાસે સફાઈ અભિયાન યોજાયું હતું આજે અંબાજી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ,અંબાજી શાખા અને સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર દ્વારા અંબાજી ખોડિવડલી પાસે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા બાદ આ સાથે એજીપીએસ ના વિદ્યાર્થીઓ અને ઓલ ગ્લોબલ સર્વિસ કંપની ના સફાઈ કર્મચારીઓ હાજર રહી અંબાજી માં સફાઈ અભિયાન કર્યુ હતું ત્યારબાદ અંબાજી માં આવેલા ખોડિવડલી સામે ના વાલ્મિકી સમાજ ના વિસ્તાર મા જઈ સફાઈ અભિયાન હાથ ધર્યું હતુ. આ કાર્યક્રમ માં આકાશ ઠાકર , ઋત્વિક સરગરા ,અંકિત ખરોલ હાજર રહ્યાં હતા

## મેરી કોમે મેળવી મોટી સિદ્દિ, બની ગઈ દુનિયાની નંબર વન બોક્સર

### ગત વર્ષે નવેમ્બરમાં વર્લ્ડચેમ્પિયનશિપમાં ૪૮ કિગ્રામાં ટાઇટલ જીતીને ઈતિહાસ રચ્યો હતો



(એજન્સી) નવીદિલ્હી,

૬ વખત વર્લ્ડ ચેમ્પિયન બનનારી ભારતીય બોક્સિંગ ચેમ્પિયન મેરી કોમ ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિયેશન (એઆઈબીએ)ની વર્લ્ડ રેક્કિંગમાં નંબર-૧ના સ્થાન ઉપર પહોંચી ગઈ છે. ભારતની આ ટોચની બોક્સરે ગત વર્ષે નવેમ્બરમાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૪૮ કિગ્રામાં ટાઇટલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. મેરી કોમ ૪૮ કિગ્રામાં દુનિયાની નંબર વન બોક્સર બની ગઈ છે પણ ઓલિમ્પિકમાં હાલ આ વર્ગનો સમાવેશ કરાયો નથી. આ સંજોગોમાં તેણે લંડન ઓલિમ્પિક્સની જેમ આ વખતે પણ ૫૧ કિગ્રામાં ઉતરવું પડશે. મેરી કોમ વર્લ્ડ ચેમ્પિયનશિપની સૌથી સફળ બોક્સર બની હતી. એઆઈબીએના અપડેટ થયેલા રેક્કિંગમાં ૧૭૦૦ પોઈન્ટ સાથે મેરીકોમ ૪૮ કિગ્રા વર્ગમાં ટોચના સ્થાને છે. કોમનવેલ્થ ગેમ્સની ગોલ્ડ મેડાલિસ્ટ મેરીકોમ માટે ગત વર્ષ જેટલું શાનદાર રહ્યું હતું તો આ વર્ષ પડકારથી ભરેલું છે. આ વર્ષે મેરી કોમ માટે સૌથી મોટો પડકાર ૨૦૨૦ ટોકિયો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરવાનો છે.અન્ય ભારતીયોમાં પિંકી જાંગડા ૫૧ કિલો કેટેગરીમાં આઠમા સ્થાને છે. એશિયાની સિલ્વર મેડલિસ્ટ મનીષા માઉન ૫૪ કિલો કેટેગરીમાં આઠમા ક્રમે છે. વિશ્વ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીતનારી સોનિયા લાઠેર ૫૭ કિલોની કેટેગરીમાં બીજા ક્રમે, બ્રોન્ઝ મેડલ વિનર સિમરનજીત કૌર (૬૪ કિલો કેટેગરી) હાલમાં જ રાષ્ટ્રીય ચેમ્પિયન બની. સિમરનજીત કૌર આ કેટેગરીમાં ચોથા સ્થાને છે. જ્યારે પૂર્વ વિશ્વ ચેમ્પિયન એલ સરિતા દેવી ૧૬મા સ્થાને છે.

## અમદાવાદમાં ફૂડ ડિલવરી કંપની પર પ્રતિબંધ રેસ્ટોરન્ટમાલિકો સાથે વિવાદ

(પ્રતિનિધિ) અમદાવાદ,

રેસ્ટોરન્ટ અને ઓનલાઇન ફૂડ ડિલવરી કંપની વચ્ચે વિવાધ હવે વધી ગયો છે. કમિશન સહિત વિવિધ પ્રશ્નોને લઈ શહેરના હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ્સ એસોસિયેશન દ્વારા ઓનલાઈન ફૂડ ડિલવરી કંપની સ્વિગિ પાસેથી ઓર્ડર લેવાનું બંધ કર્યું છે. જ્યારે ઉબેર ઈટ્સ અને ઝોમેટો સહિતની બીજી ઓનલાઈન ફૂડ ડિલવરી કંપની સાથે હાલ વાતચીત ચાલી રહી છે. ગુરુવારની સાંજે હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશનના પ્રતિનિધિઓની ગ્રાન્ડ ભગવતી હોટેલમાં ૫૦૦થી વધુ રેસ્ટોરન્ટ્સ, હોટેલ માલિકો-સંચાલકોની બેઠક મળી હતી. આ બેઠકમાં તમામ લોકોએ ઓનલાઇન ફૂડ કંપનીની દાદાગીરી સામે નહીં ઝુકવાનો નિર્ધાર કર્યો હતો. ઝોમેટો અને સ્વિગિના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠકમાં સ્વિગિએ પોતાની શરતે જ કમિશન લેવાની વાત સ્પષ્ટ કરી છે. જ્યારે ઝોમેટોએ સમય માગ્યો છે. તેથી આ બેઠકમાં જ સ્વિગિના ઓર્ડર નહીં લેવાનો એકમતે નિર્ધાર થયો હતો. જો કોઈએ વર્ષના કરાર કર્યા હોય અને સ્વિગિ લીગલ પ્રક્રિયા કરે તો પણ એસોસિયેશન જે-તે હોટેલ, રેસ્ટોરન્ટ્સ માલિકના પડખે રહેશે તેવી જાહેરાત પણ કરાઇ હતી.આ બેઠકમાં ચર્ચા થઇ હતી કે એક સમયના હોટેલ કે રેસ્ટોરન્ટના ગ્રાહકો હવે ઓનલાઇન ફૂડ કંપનીના બની ગયા છે. તેથી ગ્રાહકોને પાછા હોટેલ કે રેસ્ટોરન્ટ સુધી લાવવા પણ મહેનત કરવી પડશે. આ કંપનીઓ દ્વારા મોટા પાયે ડેટા એકત્રિત કરાઈ રહ્યા છે અને તે પણ તેઓ વેચી રહ્યા હોવાની ચર્ચા થઇ હતી.હાલ ૪૦ ટકા ફૂડ કોસ્ટ આવે છે અને તેના પર ભાડું, માણસોને પગાર, ગેસ ખર્ચ, ઈલેક્ટ્રિસિટી ખર્ચ કાઢતા હવે ૫થી ૧૦ ટકાનો ગાળો રહી ગયો છે. ૪૦ ટકા ફૂડ કોસ્ટ પર ૨૦ ટકા કમિશન અને તેમાં બીજા ખર્ચ ઉમેરો તો ધંધો જ રહ્યો નહીં.

## મકાનના વેચાણમાં ૭ વર્ષ બાદ આવી તેજી, આઠ શહેરોમાં વેચાણમાં થયો ૬ ટકાનો વધારો

### આ આઠ શહેરોમાં દિલ્હી-એનસીઆર, મુંબઇ, બેંગલોર, ચેન્નાઈ અને અમદાવાદમાં વેચાણ વધ્યું

(એજન્સી) નવીદિલ્હી,

દેશમાં મકાનોનું વેચાણ ૨૦૧૮માં વધ્યું છે અને આ દરમિયાન આઠ મુખ્ય શહેરોના નિવાસી એકમોના વેચાણમાં વાર્ષિક આધારે છ ટકાનો વધારો નોંધાયો છે. આ જાણકારી બજારનું અધ્યન કરનાર એક ટોચની ફર્મના તાજા રિપોર્ટમાં આપવામાં આવી છે. સંપત્તિ સલાહકાર કંપની નાઇટ ફ્રેંક ઈન્ડિયનાએ રિપોર્ટ અનુસાર આ આઠ શહેરોમાં દિલ્હી-એનસીઆર, મુંબઈ, બેંગલોર, ચેન્નઈ અને અમદાવાદમાં વેચાણ વધ્યું છે. તો કલકત્તા અને પૂણેમાં ઘટાડો નોંધાયો છે. ઈન્ડીયન રીયલ એસ્ટેટ (જુલાઇ-ડીસેમ્બર ૨૦૧૮) શીર્ષક આ રિપોર્ટમાં સોમવારે જાહેર કરવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર ગ્રાહકોને આકર્ષવા માટે ઘણા ડેવલોપરોએ મકાનોની કિંમત ઓછી કરવા અને કેટલાક અપ્રત્યક્ષ રાહતની ડીમાંડ કરી છે. નાઈટ ફ્રેંડ ઈન્ડિયાના ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે અહીં સંવાદદાતાને કહ્યું કે સાત વર્ષ બાદ ૨૦૧૮માં ભારતીય આવાસ બજારમાં વેચાણ સુધર્યું છે. તેનું મુખ્ય કારણ સસ્તા મકાનો માંગ વધવાનું છે. રિપોર્ટ અનુસાર વેચાણ વધવાથી શરૂ થનાર ઘરોના પ્રોજેક્ટનો સ્ટોક ઓછો થયો છે. એવા મકાનોની સંખ્યા ૧૧ ટકા ઘટીને ૪.૭ લાખ એકમ પર આવી ગઈ છે. અન્ય સંપત્તિ સલાહકાર કંપનીઓની તુલનામાં નાઇટ ફ્રેંકના રિપોર્ટમાં આવાસીય વેચાણમાં વધારો છ ટકાના દરે ઓછો થયો છે. નાઇટ ફ્રેંકના વિરૂદ્ધ જેએલએલ ઈન્ડિયાએ સાત શહેરોમાં આવસીય એકમોના વેચાણમાં ૪૭ ટકા, એનારોકે ૧૬ ટકા અને પ્રોપ ટાઇગરે નવ મોટા શહેરોમાં વેચાણમાં ૨૫ વધવાના આંકડા રજૂ કર્યા છે. નાઈટ ફ્રેંકના અનુસાર વર્ષ ૨૦૧૮માં ૨,૪૨,૩૨૮ મકાન વેચાવાનું અનુમાન છે, જ્યારે ૨૦૧૭માં આ આંકડો ૨,૨૮,૦૭૨ મકાનનો હતો. તેમાં વાર્ષિકા આધાર પર સૌથી વધુ વૃદ્ધિ બેગલોરમાં ૨૭ ટકા નોંધાઇ છે. દિલ્હી-એનસીઆરમાં વેચાણમાં ૮ ટકાનો વધારો થયો છે. તેમાં પણ સૌથી વધુ આવાસીય એકમો નોઇડા અને ગ્રેટર નોઈડામાં વેચાયા છે. વર્ષ ૨૦૧૭ની તુલનામાં કલકત્તામાં વેચાણ ૧૦ ટકા અને પૂણેમાં એકનો ઘટાડો આવ્યો છે.

લોકાર્પણ

## તંત્રી મંથન......

# અડધી વસ્તીને પણ ન્યાય મળે, સંસદમાં સન્માનજનક પ્રવેશ મળે!

ચૂંટણી રાજકીય પક્ષોને કેવા કેવા રંગ બતાવે છે તેનો તાજો દાખલો સવર્ણોમાં આર્થિક રીતે કમજોર કે એમ કહીયે કે સવર્ણ ગરીબોને સરકારી નોકરીઓ અને શિક્ષણ ક્ષેત્રમાં ૧૦ ટકા અનામત દેવાનો નિર્ણય છે. તેના માટે સંવૈધાનિક સંશોધન કરવામાં આવ્યુ. સંસદમાં ફક્ત બે દિવસમાં પસાર કરવામાં આવ્યુ. કોંગ્રેસ સહિતના લગભગ બધા પક્ષોએ તેનું સમર્થન કર્યુ. જો કે જે રીતે અનુમાન કરવામાં આવી રહ્યું હતું એ રીતે આ વિધેયક પસાર થતાં જ તેને સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કરવામાં આવી. કોર્ટનો નિર્ણય જે પણ હોય પરંતુ દેશની અડધી વસ્તી જે વર્ગની છે. અને જેના વગર દુનિયા જ નહીં એ મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનું બિલ સંસદમાં લાંબા સમયથી પડી રહ્યું છે. વરસો વિતી ગયા પરંતુ તેની કોઈ પણ પક્ષો કે સત્તાધારી પક્ષ ભાજપને ચિંતા નથી. પરંતુ આ બિલ પસાર થાય તો દેશની વિધાનસભાઓમાં અને સંસદમાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળશે. અત્યારે ફક્ત પંચાયતો અને મહાનગર પાલિકાઓ, નગર નિગમોમાં જ મહિલાઓને ૩૩ ટકા અનામતનો લાભ મળી રહ્યો છે. આને સંસદના ગૃહોમાં પણ લાગુ કરવાનો છે. કેમ કે આનું મૂળ પ્રાવધાન કોંગ્રેસના વડાપ્રધાન રાજીવ ગાંધીએ કર્યુ હતુ એટલા માટે હોઈ શકે કે ગાંધી-નેહરુ પરિવારથી રાજકીય દુશ્મની રાખવાવાળો ભાજપઆ ગૃહમાં નહીં લાવી રહ્યો હોય પરંતુ આ જાતિ રાજકારણની ઈર્ષાને કારણે દેશની અડધી વસ્તિને અન્યાય થઈ રહ્યો છે. પરંતુ જો સંસદમાં આ પસાર થઈ જાય તો અડધી વસ્તિને પૂરેપૂરો લાભ મળે અને તમામ રાજ્યોની વિધાનસભા અને લોકસભા ગૃહમાં ૩૩ ટકાને કારણે ચૂંટાઈ આવેલા મહિલાઓ ગર્વ સાથે સંસદ ગૃહમાં પ્રવેશ કરી શકશે. એવું નથી કોંગ્રેસ આનો વિરોધ કર્યો છે. કોંગ્રેસ સામેથી કેન્દ્રની મોદી સરકારને કહ્યું છે કે મહિલા અનામત બીલ સરકાર લાવે કોંગ્રેસ સંપૂર્ણ સમર્થન આપશે. જે રીતે ગરીબ સવર્ણોને ૧૦ ટકા અનામત આપવા માટે કોંગ્રેસ સહિત તમામ પક્ષોએ સમર્થન આપ્યું એ જ રીતે મહિલા અનામત બિલને પણ સમર્થન મળશે જ જેમાં શંકાને કોઈ સ્થાન નથી. સવાલ ફક્ત એ છે કે સરકાર આ વિધેયકને ગૃહમાં ક્યારે રજૂ કરશે. ભાજપ બેટી બચાવો-બેટી પઢાવોનો નારો આપે છે પરંતુ દેશની બેટીઓને ૩૩ ટકા અનામતની જેમ રાજ્યો અને કેન્દ્રમાં સત્તામાં ભાગીદાર બને તેના માટે પણ ભાજપ આગળ આવે. તાજેતરમાં ચૂંટણીના સમયે ભાજપ સહિત બધા પક્ષો મહિલાઓને પુરુષ ઉમેદવારોની સરખામણીએ સૌથી ઓછા પ્રમાણમાં ટિકિટ આપે છે પરંતુ જો ૩૩ ટકા અનામતનો કાયદો વિધાનસભા અને લોકસભાને માટે પણ લાગુ થાય તો તમામ પક્ષોએ ૩૩ ટકા મહિલાઓને ટિકિટ આપવી જ પડશે અને બધા રાજ્યોની વિધાનસભા ૩૩ ટકા મહિલાઓ હશે તો મહિલાઓને વધુ ન્યાય મળશે. મંત્રી-મંડળમાં પણ મહિલાઓનું પ્રતિનિધિત્વ વધશે અને ખરા અર્થમાં મહિલા સશક્તિકરણ થઈ શકશે. ભાજપને મુસ્લિમ મહિલાઓના ટ્રિપલ તલાક માટે લાગણી થાય છે લાગણી હોય તો તેની જેમ જ બધી મહિલાઓને ન્યાય દેવા માટે ૩૩ ટકા અનામત બિલને માટે પણ એવી જ સંવેદન કેમ નથી જાગતી...? શું ભાજપ મહિલા વિરોધી છે..? શું ભાજપ નથી ઈચ્છતું કે સદનોમાં અને સરકારમાં મહિલાઓની ભાગીદારી વધે...? ૧૦ ટકાની જેમ ૩૩ ટકાને માટે પ્રેમ ક્યારે જાગશે...? મહિલા સંગઠનો પણ સરકાર ઉપર દબાણ લાવે અને સંસદ ગૃહમાં પૂરા સન્માન સાથે પ્રવેશ કરે. તેઓ કોઈની મોહતાજ નથી આ તેમનો હક્ક અને અધિકાર છે. જ્યાં સુધી આ પૂરો ન થાય ત્યાં સુધી બધી વિધાનસભા-લોકસભા અડધી અધૂરી છે.

# નેતાઓની બેકાબૂ જીભ : લોકસભા ચૂંટણી સુધી તો સહન કર્યે છૂટકો નથી

રાજકારણમાં તર્કબદ્ધ દલીલો કે ચર્ચા સાંભળવા- જોવાનો સમય ગયો. હવે માત્ર અસંગત ચર્ચાઓ, તર્કહિન દલીલો અને ખોટેખોટી આક્ષેપબાજી ચાલે છે. એમાંય સંસદના સત્ર દરમિયાન સર્કસ સિવાય અન્ય બીજું કંઈ હોતું નથી. આપણા કમભાગ્ય એ છે કે આપણામાંના લોકો આને મનોરંજન ગણે છે, પરંતુ હકીકત તો એ છે કે આ સસ્તું મનોરંજન આપણી પરસેવાની કમાણીના ભોગે તેઓ ભજવે છે. હકીકતમાં આ મનોરંજન આપણી ક્રૂર મજાક છે. હમણાં બે દિવસથી સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામન અને કૉંગ્રેસ ચીફ રાહુલ ગાંધી વચ્ચે આવી તર્કહિન 'જુગલબંધી' ચાલી રહી છે. આ બે પાત્રની સાથે અન્ય એક કિરદાર મોદીજી પણ ભજવે છે. આપણે ચૂંટી કાઢેલા આ નેતાઓ ગૃહમાં બેસીને ચર્ચા કરતી વખતે કે જાહેરસભાને સંબોધતી વખતે મૂળ મુદ્દો બાજુએ મૂકીને કેવા અર્થહિન આક્ષેપો કરે છે એનું તાજુ દૃષ્ટાંત આ 'જુગલબંધી' છે. રાહુલ ગાંધીએ કહ્યું કે 'મોદીએ ચર્ચા માટે મહિલા સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામનનો ઉપયોગ કર્યો છે. 'એક મહિલા સે કહા કી મેરી રક્ષા કિજિયે.' છપ્પન ઈંચની છાતી ધરાવતા 'વૉચમેન' મેદાન છોડીને નાસી ગયા અને એક મહિલા-સીતારામનજીને રક્ષણ માટે મૂકી ગયા.' વાતનું વતેસર થઈ ગયું! નેશનલ કમિશન ફોર વિમેન (એનસીડબલ્યુ)એ આની સુઓમોટો નોંધ લઈને રાહુલ ગાંધીને નોટિસ ફટકારી. નોટિસમાં લખ્યું છે કે તમે મહિલા પ્રધાનનું અપમાન કર્યું છે. 'એક મહિલા સે કહા કી મેરી રક્ષા કિજિયે' એનો અર્થ એવો થયો કે મહિલાઓ શું નબળી છે? રાહુલ ગાંધીની આ ટિપ્પણી સ્ત્રી પ્રત્યે દ્વેષ ધરાવતી, અપમાનજનક અને અનૈતિક છે, એવું નોટિસમાં લખ્યું છે. હકીકતમાં રાહુલ ગાંધીને નોટિસ મળવાનું કારણ સાચું જ છે. રાહુલ ગાંધીની એ પછી પણ જીભ કચરાઈ ગઈ. તેમણે મોદીના આકરા જવાબમાં એવું કહી દીધું કે મોદીજી, આપણી સંસ્કૃતિમાં મહિલાઓના માનની શરૂઆત ઘરથી જ થાય છે. બસ, રાહુલ ગાંધી મોદીજીના 'ઘર' સુધી આખીય વાત લઈ ગયા. આ તદ્દન અયોગ્ય વાત છે. રાજકારણમાં મર્યાદાનો ઉંબરો ઓળંગી જવાનું હવે સામાન્ય બનતું જાય છે. રાજકીય ચર્ચાઓમાં હવે ગરિમા રહી નથી. કઈ કક્ષાની રાજકીય હસ્તી સાથે દલીલ કરવામાં આવે છે એનું ભાન ભાગ્યે જ રખાય છે. રાજકારણ કાદવ ઉખેડનું કામ નથી. શાસકોનું કામ પ્રજાલક્ષી કાર્યોનું છે, પરંતુ હકીકત એ છે કે આપણી સરકાર પ્રજાલક્ષી કાર્યો સિવાય અને સુશાસન ચલાવવા સિવાયના બધા કામ કરે છે. કૉંગ્રેસે આ મામલામાં અગેઈન તર્કહિન વાતો કરી કે નોટિસ ફટકારવાનું પગલું 'રાજકીય હેતુપ્રેરિત' છે. ખરી વાત છે કૉંગ્રેસની, પરંતુ રાજકારણમાં રાજકીય હેતુપ્રેરિત પગલાં ન હોય તો 'ધાર્મિક હેતુપ્રેરિત' હોય! નાગરિકત્વ આપવું, અનામતની ખેરાત બાંટવી, ખેડૂતોની લોનમાફી કરવી કે તેમને માસિક રોકડની લહાણી કરવી આ બધું 'રાજકીય હેતુપ્રેરિત' નથી? નેતાઓની બેકાબૂ જીભ અને મત પડાવી લેવા માટેની લહાણીઓ - આ બે પર કાબૂ મુકાય તો થોડી સેવા ઑટોમેટિક થયેલી ગણાશે. એની વે લોકસભાની ચૂંટણી સુધી તો સહન કર્યે છૂટકો નથી!



## આપની આજ

મેષ(અ.લ.ઈ.) :- ધારેલા કાર્યો આગળ વધે નવી મિત્રતા ગાઢ બને પ્રિયપાત્રની મુલાકાત થવાની આર્થિક લાભ મલવાનો.

વૃષભ(બ.વ.ઉ.) :- પ્રવાસનું આયોજન થાય મિલકત બાબતના પ્રશ્નોમાં સફળતા, શેર સટ્ટાથી લાભ રહે. અંધશ્રધ્ધામાં ન પડવું.

મિથુન(ક.છ.ઘ.) :- સાંજ પછીનો સમય હળવાસનો અનુભવ કરશો. હરીફો ઉપર વર્ચસ્ય વધવાનું વિદેશ જવાની તક મલે.

કર્ક(ડ.હ.) :- ઉત્સાહ જળવાઈ રહે. દિવસ દરમ્યાન સતત કાર્યરત રહેવાના નોકરીમાં ચીવટ રાખવી દરિયાઈ જગ્યાએથી લાભ.

સિંહ(મ.ટ.) :- ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું કલ્પના શકિત વધાવની મંદબુધ્ધિથી ખાસ જાળવવું ગુસ્સો ટાળવો.

કન્યા(પ.ઠ.ણ.) :- લાગણીઓ કાબુમાં રાખજો ભૌતિક ચીજ-વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહેવાનો લગ્ન ઈચ્છુકોને સફળતા મલવાની.

તુલા(ર.ત.) :- મહત્વકાંક્ષાઓ ફળતી જોઈ શકશો. વિદેશથી સારા સમાચાર આવે નોકરીમાં પગાર વધારો શકય બને.

વૃશ્ચિક(ન.ય.) :- આર્થિક સ્થિતિમાં સુધારો કરવાના પ્રયત્નો ફલે સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. ધાર્મિક કાર્યમાં રૂચી વધવાની.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- મહત્વની વ્યકિતની મુલાકાત લાભદાયક રહેશે. સ્વાસ્થ્ય બાબત સુધારો રહે. મેરેજ લાઈફમાં જાળવવું.

મકર(ખ.જ.) :- અચાનક લાભની આશા ફળવાની દરીયાઈ જગ્યાએથી લાભ રહે. નોકરીમાં નવી ઓફર આવે કર્જમાં રાહત થાય.

કુંભ(ગ.શ.સ.) :- વિદેશથી નાણાકીય લાભ મેળવવાના પ્રયત્નો ફળે અટકતા કાર્યો આગળ વધારવાના પ્રયત્નોમાં તમોને સફળતા મલે.

મીન(દ.ચ.ઝ.) :- ગૃહજીવનમાં કોઈ ગેર સમજો ન થાય. તેનું ધ્યાન રાખજો કાનૂની પ્રશ્નોમાં સમાધાનથી લાભ રહેવાનો.

# ગુજરાત રાજયની ભાજપ સરકાર ૩૦૦થી વધુ પોલીસ કર્મીઓને પાછલા બારણે ઘુસાડી અધિકારી બનાવશે?

(જી.એન.એસ) પ્રશાંત દયાળ

ભાજપની સરકાર સત્તા ઉપર ના હોય તો પણ વહિવટી તંત્ર ઉપર ભાજપની જ પકડ રહે તેવા તો અનેક કામ ભાજપ સરકારે વિવિધ સ્તરે કર્યા છે. પરંતુ હવે ગુજરાત પોલીસમાં કેટલાક પોલીસવાળાએ પાછલા બારણે બારોબાર પોલીસ સબઈન્સપેક્ટર બનાવી દેવાનો કારસો ઘડી કાઢ્યો છે. જો ગૃહ વિભાગના અધિકારીઓ આ દસ્તાવેજ ઉપર મહોર મારે તો ૩૨૩ પોલીસકર્મીઓ સીધા પોલીસ સબઈન્સપેક્ટર થઈ જશે તેમ ગૃહ વિભાગના ટોચના અધિકારીએ જણાવ્યુ છે. પોલીસ સ્તરમાં ભરતી પ્રક્રિયામા અલગ બોર્ડ સહિત તેના નિયમો પણ છે. પોલીસ સબઈન્સપેક્ટરની ભરતી બે પ્રકારે થાય છે. જેમાં એક તો સીધી ભરતીથી પોલીસ સબઈન્સપેક્ટની ભરતી થાય છે અને બીજી જે ગુજરાત પોલીસનો હિસ્સો જ છે તેવા કોન્સ્ટેબલથી લઈ આસિસ્ટન્ટ પોલીસ સબઈન્સપેક્ટર્સ માટે અલગ ભરતી પ્રક્રિયા છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં આ પ્રકારે ખાતાકીય પરિક્ષા થઈ હતી જેમાં જે પોલીસવાળા પોલીસ સબઈન્સપેક્ટરની પરિક્ષા આપવા માટે લાયક હતા તેમણે પરિક્ષા આપી હતી. આ પરિક્ષાનું આયોજન ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવ્યુ હતું. કુલ ખાલી જગ્યાઓ ૪૦૩ હતી. પીએસઆઈની પરિક્ષા માટે ગૌણ સેવા પસંદગી મંડળે જે કટ ઓફ માર્ક નક્કી કર્યા હતા તેમાં ૩૭૬ પોલીસ કર્મચારીઓ પસંદ થયા હતા. જો કે ૩૨૩ પોલીસ કર્મચારીઓ એવા હતા કે તેઓ પરિક્ષામાં ઉતિર્ણ થયા હતા પરંતુ કટ ઓફ માર્ક નહીં હોવાને કારણે પીએસઆઈની આગળની પરિક્ષા આપી શક્યા ન્હોતા. કેટલાંક પોલીસ કર્મચારીઓ હાઈકોર્ટમાં પણ ગયા હતા અને તેમની માગણી હતી કે તેમના માર્ક કટ ઓફ પ્રમાણે નહીં હોવા છતાં તેઓ પાસ હોવાને કારણે તેમને પીએસઆઈ માટે લાયક ઠેરવવામાં આવે. જો કે તે મામલે હાઈકોર્ટે કોઈ આદેશ આપ્યો નથી. વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં ગેરલાયક ઠરેલા આ ૩૨૩ પોલીસવાળાએ પીએસઆઈ થવા માટે પોતાના રાજકિય નેતાઓનો સંપર્ક કર્યો હોવાની જાણકારી છે. આરોપ એવો પણ છે કે ૩૨૩ પૈકી ૯૭ પોલીસવાળા એક ચોક્કસ કોમના છે જેમનું ગૃહ વિભાગમાં વર્ચસ્વ પણ છે. હવે રાજકિય નેતાઓએ આ મુદ્દો પકડી આ તમામ પોલીસવાળાને પોલીસ સબઈન્સપેક્ટર બનાવી દેવા માટે દબાણ શરૂ કર્યુ છે અને ભાજપ સરકારે પોતાના ધારાસભ્ય અને નેતાઓની ભલામણ હોય તેવા પોલીસવાળાને પાછલા બારણે કાયદાની છટકબારીનો ઉપયોગ કરી પીએસઆઈ બનાવી દેવાની તજવીજ શરૂ કરી છે. જો કે આ મુદ્દે ગૃહ વિભાગના સિનિયર્સની ખાસ્સી નારાજગી છે.

## રમત-જગત

# ચેટશોમાં અભદ્ર કોમેન્ટ્ કરતા સિડની વન-ડેમાંથી હાર્દિક અને રાહુલ આઉટ

ટીવી શો કોફી વિથ કરનમાં મહિલાઓ પર અશ્લિલ ટીપ્પણી માટે ટીમ ઈન્ડિયાના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને બેટ્સમેન કે.એલ રાહુલને પહેલાં વન-ડેમાંથી પડતાં મુકાયા. બીસીસીઆઈના સીઓએ સાથેની ઈમેલ સાથેની વાતચીતથી જાણવા મળ્યું છે કે, ખેલાડીઓ સામે કડક પગલાં લેવાશે. જેમકે હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલ વિરુદ્ધ ૧૫ દિવસ સુધી તપાસ સમિતિ પણ બેસાડવામાં આવે તેવી શક્યતા છે. આમ, પંડ્યા અને રાહુલ ઓસ્ટ્રેલિયા સામેની સમગ્ર વન-ડે સિરીઝમાં બહાર થઈ શકે છે. આ બંને ખેલાડીઓને ભારત પરત બોલાવવાય તેવી પણ શક્યતા છે. નોંધનીય છે કે, તાજેતરમાં ટીવી શો 'કોફી વિથ કરન'માં હાર્દિક પંડ્યા તેમના સાથી કે.એલ રાહુલ સાથે આવ્યા હતા અને તે દરમિયાન તેણે મહિલાઓ વિશે અશ્લીલ કમેન્ટ કરી હતી. શો દરમિયાન હોસ્ટ કરન જોહરે બંને ખેલાડીઓ સાથે તેમના અંગત જીવન વિશે પણ વાત કરી હતી. પંડ્યાએ આ દરમિયાન તેના અંગત જીવન સાથે જોડાયેલા અમુક સવાલોના જવાબ આપ્યા હતા. પંડ્યાએ આ દરમિયાન ડેટિંગ, રિલેશનશિપ અને મહિલાઓ સાથે જોડાયેવા સવાલોના જવાબ પણ આપ્યા હતા અને તેના કારણે તેના ફેન્સ ખૂબ દુખી થયા હતા. પંડ્યાએ જણાવ્યું કે, તે તેના પરિવારજનો સાથે ખૂબ ટ્રાન્સપરન્ટ છે.

# રાજલક્ષ્મી બીસીસીઆઈની આંતરિક ફરિયાદ સમિતિના પ્રમુખ પદ પર નિયુક્ત

રાજલક્ષ્મી અરોડાને બીસીસીઆઈની ચાર સભ્યવાળી સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેઓ બીસીસીઆઈમાં ઉભા થતા યૌન શોષણને લઈને ઉભા થતા પ્રશ્નોનું નિરાકરણ લાવશે. તેમના સીવાય આ સમિતિના સભ્ય તરીકે સબા કરીમ, રુપાવતી રાવ, વીના ગૌડા (બાહરના સભ્ય)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે રાજલક્ષ્મીએ કરીના કૃપલાણીની જગ્યા લીધી છે. અગાઉ તેઓ બીસીસીઆઈના મીડિયા અને સંચાર ટીમમાં પ્રોડ્યૂસર છે. જયારે મહત્વની બાબત એ છે કે વીના ગોડાએ ત્રણ સભ્ય સમિતિનો ભાગ હતી કે જે બીસીસીઆઈના મુખ્ય કાર્યકારી અધિકારી રાહુલ જૌહરી વિરુદ્ધ ચાલી રહેલા યૌન શોષણ આરોપની તપાસ કરી રહી હતી. આ કેસમાં જૌહરીને પાછળથી ક્લીન ચિટ આપી દેવામાં આવી હતી. જોકે ગૌડાએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે જૌહરીને લૈંગિક સંવેદનશીલતા કાર્યક્રમાં ભાગ લેવાની જરૂર છે. તેવી જ રીતે આ વખતે પણ હાર્દિક પંડ્યાના કેસમાં બીસીસીઆઈના કોષાધ્યક્ષ અનિરુદ્ધ ચૌધરીએ લૈંગિક સંવેદનશીલતા કાર્યક્રની માગ કરી છે. હાર્દિક પંડ્યા દ્વારા એક ટૉક શૉમાં મહિલાઓને લઈને શરમજનક ટિપ્પણી કરવામાં આવી હતી. જેને પગલે સોશ્યલ મીડિયા પર પંડ્યાને આલોચનાનો સામનો કરવો પડ્યો હતો.

# હોમો સેક્યુઅલ ડોક્ટરને બ્લેકમેઈલ કરતા યુવકની ધરપકડ

(પ્રતિનિધિ) સુરત,

સુરતના વેડરોડના હોમો સેક્યુઅલ ડોક્ટરને મળવાના બહાને બોલાવી મુખમૈથુન કરાવી ઠગ ટોળકીએ મોબાઈલમાં શૂટિંગ ઉતારીને બ્લેકમેઈલ કરી પાંચ લાખની ખંડની માંગવાની ઘટના બની હતી. આ અંગે ડોક્ટરની ફરિયાદના આધારે ચોકબજાર પોલીસે ઠગ ટોળકી પૈકી એક સાગરીતની ધરપકડ કરી છે. મળતી માહિતી પ્રમાણે વેડરોડ ખાતે રહેતા જયદિપ (નામ બદલ્યું છે) હોમિયોપેથિક ડોક્ટર છે. મૂળ ભાવનગરના વતની ૩૦ વર્ષીય જયદીપ હોમો સેક્સ્યુઅલ છે. ગત તા. ૯નીએ સવારે મોબાઈલ એપ્લિકેશન થકી રાજુ નામના યુવકે તેમણે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. જે ફ્રેન્ડ રિક્વેટ એક્સેપ્ટ કર્યા બાદ મળવાના બહાને ડોક્ટરને સિંગણપોર બોલાવ્યા હતા. આ અશ્લિલ વીડિયો થકી ટોળકીએ બ્લેકમેઈલિંગ શરૂ કર્યુ હતું. પિતા-પત્ની સહિતના પરિવારજનોના મોબાઈલ નંબર લઈ તેઓને આ વીડિયો મોકલવાની ધણકી આપી ડોક્ટરને લાફો મારી લોખંડના પાઈપથી ફટકાર્યો હતો. ત્યારબાદ સમાધાન પેટે પાંચ લાખ રૂપિયા માંગ્યા હતા. ડોક્ટર પાસે આટલી મોટી રકમ પોતાની પાસે ન હોવાનું જણાવતા તેઓએ દમદાટી આપી સાંજ સુધીમાં ૬૦ હજાર આપવાની વાત કરી ડોક્ટરને છોડી દીધો હતો. ડોક્ટરે મિત્ર થકી ચોકબજાર પોલીસનો સંપર્ક કર્યોહ તો. જેથી પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે નાણાં આપવાના બહાને છટકું ગોઠવી ઠગ ટોળકીના સાગરિત કિરિટ હરિસંગ મોરી જે ૨૬ વર્ષનો છે અને ત્રિવેણી સોસાયટી સિંગણપોર- મૂળ ધંધુકા, અમદાવાદનો રહેવાસી છે. પોલીસે કિરિટની ધરપકડ કરીને બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

# લાંચ આપવા પૈસાની વ્યવસ્થા નહિ થઈ શક્તા યુવકે ઝેર પીધું

(પ્રતિનિધિ) જામનગર,

ખાણ ખનીજ ખાતાએ ૭૦ હજારની લાંચ માગતા નાણાં ન હોવાથી ડમ્પર ચાલકના ભાઈએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેના પગલે ગંભીર તબિયત સાથે જીજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. મળતી માહિતી પ્રમાણે જામનગરના અલીયા બાડાગામ ખાતે ખનીજ ખાતાની ટીમ ઉપર થયેલા હુમલા બાદ મામલો પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવા માટે પહોંચ્યો હતો. જ્યાં ડમ્પર ચાલકના ભાઈ પણ પહોંચી ગયા હતા. તેઓએ પંચકોશી એ ડિવિઝન ખાતે જ ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડમ્પર ચાલકના ૨૬ વર્ષીય ભાઈ દિવ્યરાજસિંહ રવિરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે તેમના ભાઈનો ફોન આવતાં તેઓ પોલીસ સ્ટેશન ખાતે ગયા હતાં. જ્યાં તેઓને ખનીજ ખાતા સાહેબો સાથે વાત કરવાનું કહ્યું હતું. જેથી દિવ્યરાજસિંહે ખનીજ ખાતાના ડ્રાઈવર સાથે વાત કરી હતી. ડ્રાઈવરે ગાડીમાં સાહેબ છે એમની સાથે વાત કરવાનું કહ્યું હતું. જેથી તેમણે પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં જ ગાડીમાં બેઠેલા અધિકારી ઠક્કર સાથે વાત કરતાં તેઓએ કહ્યું હતું. કે, ૭૦ હજાર રૂપિયા આપ નહીંતર તારા ઉપર કેસ કરી નાંખવામાં આવશે. જેથી તેઓ પાસે રૂપિયા ન હોવાથી વ્યાજે રૂપિયા લેવા માટે ગયા હતા. પંરતુ તેમનાથી રૂપિયાનો મેળ ન થતાં તેઓ પરત ત્યાં પહોંચ્યાં હતા. જ્યાં તેમણે ઝેરી દવા પી લીઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો સાથે સાથે તેમણે અધિકારી ઉપર ૭૦ હજારની લાંચ માંગવાનો આક્ષેપ પણ કર્યો હતો. ગંભીર તબિયત સાથે તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

# સ્મિથને કોણીમાં ઇજા, બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાંથી બહાર

(એજન્સી) ઢાકા,

ઓસ્ટ્રેલિયાનો પૂર્વ કપ્તાન સ્ટીવ સ્મિથ ઈજાગ્રસ્થ થઈને બાંગલાદેશ પ્રીમિયર લીગમાંથી બહાર થઈ ગયો છે. ગુરુવારે કોણીમાં ઈજા થતાં તેણે આ નિર્ણય લીધો હતો. તે આ લીગમાં ફક્ત બે મેચ રમી શક્યો હતો. કોમિલા વિક્ટોરીયન્સના કોચ મોહમ્મદ સલાહુદ્દીને સ્મિથની જાણકારી આપી હતી. તેણે કહ્યું કે ઢાકામાં સ્મિથનો એમઆરઆઈ રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો જે બાદ તેને આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી. સ્મિથ છેલ્લા ૯ મહિનાથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી શક્યો નથી. ગયા વર્ષે દક્ષિણ આફ્રિકાના કેપટાઉન ટેસ્ટ વખતે થયેલ બોલ ટેમ્પરિંગ વિવાદ બાદ તેના પર ૧૨ મહિનાનો બેન લાગ્યો હતો. તે ૩૦ માર્ચથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી શકશે. સલાહઉદીને કહ્યું કે, "સ્મિથ કોણીની ઈજાથી પરેશાન છે.

# સહેવાગ સર્વશ્રેષ્ઠ ખેલાડી, હું તેની સરખામણીમાં ના આવું : મયંક અગ્રવાલ

ઓસ્ટ્રેલિયમાં 'ડ્રીમ ડેબ્યૂ' બાદ વિરેન્દ્ર સહેવાગ સાથે મયંક અગ્રવાલની તુલના થઈ રહી, આ અંગે અગ્રવાલે કહ્યુ કે, સહેવાગ એક ઉમદા અને સર્વશ્રેષ્ઠ ખેલાડી છે, હું તેની સરખામણીમાં ના આવું. પૂર્વ ભારતીય બેટ્સમેન સંજય માંજરેકર અને તેના પ્રાઈવેટ કૉચ ઈરફાન સૈતને લાગે છે કે મયંક અગ્રવાલમાં 'સહેવાગની થોડી ઝલક' દેખાય છે, તેની રમત સહેવાગ જેવી આક્રમક છે. કર્ણાટકન આ યુવા બેટ્સમેને સ્વદેશ પરત ફર્યા બાદ જણાવ્યુ કે, 'ઈમાનદારીથી કહુ તો હું સરખામણીનો પ્રસંશક નથી, પણ તે (સહેવાગ) ભારતીય ક્રિકેટમાં મહાન ખેલાડીઓમાંનો એક છે, હું માત્ર ક્રિઝ પર જઈને પોતાનુ સર્વશ્રેષ્ઠ આપવા ઈચ્છુ છું અને જોઉં છુ કે હું કેટલું સારુ કરી શકું છું.

# ઉત્તરાયણમાં મ્યુનિસિપલ શાળાનાં ધાબા પર પતંગ નહીં ચગાવવા આદેશ

(પ્રતિનિધિ) અમદાવાદ,

ઉત્તરાયણની ઉજવણી તો જોરશોરથી થાય જ છે, પરંતુ તેની સાથે અકસ્માતોની ગંભીર સમસ્યા પણ જોડાયેલી છે. ઉત્તરાયણે અકસ્માતના સંખ્યાબંધ કિસ્સા ધ્યાનમાં આવે છે. ધારદાર દોરીના કારણે સર્જાતા અકસ્માત અને ધાબા તેમજ રસ્તા પર પતંગ ઉડાડતી વખતે સર્જાતા અકસ્માત ચિંતાનો વિષય છે. તે જોતાં મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના સ્કૂલબોર્ડની શાળાઓને મેદાન કે ધાબા પર કોઈને પણ પતંગ નહીં ચગાવવા દેવા આદેશ આપ્યો છે. મ્યુનિસિપલ શાળાઓમાં તા. ૧૪ અને ૧૫મીએ મકરસંક્રાંતિ અને વાસી ઉત્તરાયણની રજા જાહેર કરવામાં આવી છે. આ દિવસે શહેરમાં બાળકો સહિત સૌ કોઈમાં પતંગ ચગાવવાનો ઉત્સાહ જોવા મળે છે અને સવારથી તેઓ ધાબા પર ચઢી જતાં હોય છે તો કેટલાક ધાબા ન હોય તો સ્કૂલના કે અન્ય જગ્યાએ ચઢી જઈને પતંગ ચગાવતા હોય છે, જેના કારણે ઘણી વખત અકસ્માતના કિસ્સા બનતા હોય છે, જે જોતાં મ્યુનિસિપલ સ્કૂલબોર્ડે તમામ સ્કૂલને કોઈ પણ મેદાનમાં કે ધાબા પર પતંગ ચગાવવા ચડે નહીં તેનું ધ્યાન રાખવા જણાવ્યું છે. પરિપત્રમાં વધુ જણાવ્યું છે કે ઉત્તરાયણમાં રજાઓ દરમિયાન સ્કૂલે મુખ્ય દરવાજો, ગ્રાઉન્ડ ફ્લોરથી ઉપલા માળે જવાનો દરવાજો, ધાબા પર જવાનો દરવાજો અને સ્કૂલના તમામ ઓરડાનાં બારી-બારણાંઓ બંધ રાખવાની પણ સૂચના આપવામાં આવી છે, જેથી કોઈ વ્યક્તિ કે બાળક સ્કૂલમાં પ્રવેશ કરીને પતંગ ચગાવે નહીં તેમજ કોઈ ઘટના ન બને તેનું ધ્યાન રાખવું. કોઈ પણ સ્કૂલને આવી મંજૂરી આપવામાં આવી નથી અને આપવામાં આવી હશે તો તેને પણ રદ ગણવામાં આવશે તેની નોંધ લેવી.

# 'શોપિંગ ફેસ્ટિવલ' માટે સરકારે ચાર અધિકારી મ્યુનિસિપલ તંત્રને ફાળવ્યા

(પ્રતિનિધિ) અમદાવાદ,

આગામી તા.૧૭ જાન્યુઆરીથી તા.૨૮ જાન્યુઆરી, ૨૦૧૯ દરમ્યાન સાબરમતી રિવરફ્રન્ટના વલ્લભસદન ખાતે દેશના સૌથી મોટા શોપિંગ ફેસ્ટિવલનો આરંભ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થશે. આ શોપિંગ ફેસ્ટિવલના આયોજન માટે રાજ્ય સરકાર દ્વારા ઔડાના સીઈઓ સહિત ચાર આઈએએસ અધિકારી મ્યુનિસિપલ કોર્પોરેશનને મદદ માટે ફાળવાયા છે. રાજ્ય સરકાર દ્વારા ઔડાના સીઈઓ અતુલ ગોર, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશનર હેમંત કોશિયા, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અગાઉ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની ફરજ બજાવી ચૂકેલા બે ઉચ્ચ અધિકારી એમ.એસ. પટેલ અને કે.એલ. બચાણીની ફાળવણી કરાઈ છે. આ ચાર ઉચ્ચ અધિકારીઓને તંત્રના મદદનીશ અધિકારી તરીકે ક્રમશઃ ગિરીશ પટેલ, ડો.ભાવિન સોલંકી, વી.કે. મહેતા અને દેબાશિષ બેનરજીની નિમણૂક કરાઈ છે. રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓની સાથે સંકલનમાં રહીને મ્યુનિસિપલ સત્તાવાળાઓએ સીજીરોડ જેવા પશ્ચિમ અમદાવાદના મહત્ત્વપૂર્ણ શોપિંગ ફેસ્ટિવલનું આયોજન, રેસ્ટોરાં-હોટલ, મોલ, શોપિંગ કોમ્પ્લેક્સ, બ્રાન્ડેડ સ્ટોર્સ, રીટેલર્સ વગેરેનું રજિસ્ટ્રેશન ડિસ્કાઉન્ટ સહિતની કામગીરી કરવી પડશે. મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાના ઓફિસ ઓર્ડર ૧૧૬ હેઠળ આ તમામ ઉચ્ચ અધિકારીઓએ તેમને સુપરત કરાયેલી કામગીરીને આગામી તા.૨૮ જાન્યુઆરીએ ફેસ્ટિવલ પૂર્ણ થાય ત્યાં સુધી સંભાળવાની રહેશે. આ ઉપરાંત અન્ય અધિકારીઓની ટીમ પણ શોપિંગ ફેસ્ટિવલના આયોજનને સફળ બનાવવા માટે મેદાનમાં ઉતારાઈ હોઈ એક પ્રકારે સમગ્ર તંત્ર આ કાર્યક્રમમાં વ્યસ્ત બન્યું છે.

# વડોદરા ભાજપા નેતાની હોટલમાંથી જુગારધામ ઝડપાયું : ૧૭ની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા,

વડોદરામાં ભાજપના નેતાની હોટલમાંથી જુગારધામ ઝડપાયું છે. ભરૂચ તાલુકા મંત્રીની હોટેલમાંથી જુગારધામ ઝડપાયું છે. જુગાર રમતા ૧૭ શખ્સની એલસીબીએ ધરપકડ કરી છે. પાલેજ હાઈવે ઉપર આવેલી કિસ્મત હોટલમાં જુગારધામ ચાલતું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, જિલ્લા એલ.સી.બીએ બાતમીના આધારે કરજણ તાલુકાની સાસરોદ ગામની હદમાં પાલેજ, ભરૂચ ખાતે આવેલ હોટલ ઉપરથી જુગારધામ ઝડપી પાડ્યું છે. પાલેજ નેશનલ હાઈવે ૪૮ ઉપર આવેલ કિસ્મત કાઠિયાવાડી હોટલના ઉપરના માળે ચાલતા આ જુગારધામ પર પોલીસે રેડ પાડી હતી. પોલીસ દ્વારા જુગાર રમતા ૧૭ જુગારીઓની ધરપકડ કરવામાં આવી છે. આ મામલામાં પોલીસે ૯ બાઈક ૧ રિક્ષા અને મોબાઈલ મળી કુલ ૫૦,૭૦૦૦નો મુદામાલ કબજે કર્યો છે. તમને જણાવી દઈએ કે, ભરૂચ ભાજપા તાલુકામંત્રી જયેશ સોજીત્રાની હોટલમાંથી જુગાર ધામ ઝડપાયું છે.

# એએમટીએસનાં ભાડાના દર યથાવત્ રહેશે

(પ્રતિનિધિ) અમદાવાદ,

લોકસભાની ચૂંટણી આડે હવે ગણતરીના મહિના બાકી હોવાથી આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન એએમટીએસના પેસેન્જર્સ માટે હાલના ભાડાના દર યથાવત્ રહેશે. એએમટીએસ દ્વારા હાલમાં ૧૦૦ જેટલી સંસ્થાની બસ અને ૬૦૦ જેટલી ખાનગી ઓપરેટરની બસ મળીને રોજ કુલ ૭૦૦ બસ રોડ પર મુકાય છે, જોકે તંત્ર દ્વારા પેસેન્જર્સની સુવિધા માટે વર્ષોથી રોડ પર દરરોજ ૧૦૦૦ બસ દોડતી કરવાના બણગા ફૂંકાય છે. સત્તાવાળાઓના ડ્રાફ્ટ બજેટમાં ૧૦૦૦ બસ દોડતી કરાય છે. પરંતુ નક્કર હકીકતમાં પણ પેસેન્જર્સને અપૂરતી બસની સંખ્યાના કારણે પિકઅવર્સમાં બસની બહાર ટીંગાઈને મુસાફરી કરવી પડે છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં તંત્ર પોતાના કાફલામાં વધુ ને વધુ ૧૫૦થી ૨૦૦ બસ મુકશે. જેના કારણે રોજની ૧૦૦૦ બસ રોડ પર દોડતી મૂકવાનો લક્ષ્યાંક આ વખતે પણ આઘરો રહેશે તેવી ચર્ચા ઊઠી છે. ચાલુ વર્ષના અંદાજે રૂ.૪૯૦ કરોડના ડ્રાફટ બજેટમાં તંત્ર દ્વારા વધુ રૂ.૧૦ થી ૧૫ કરોડના આયોજન મુકાય તેવી સંભાવના છે. અગાઉના ચેરમેન ચંદ્રપ્રકાશ દવેના રિવાઈઝડ બજેટમાં કોઈ સુધારા-વધારા મુકાયા ન હતા, પરંતુ હાલના ચેરમેન અતુલ ભાવસાર નાના-મોટા સુધારા મૂકશે તેમ જાણકાર સૂત્રો જણાવે છે. એએમટીએસ તંત્રએ રૂટ નં.૧૮ને કાલુપુર ટર્મિનસથી વટવા રેલવે ઓવરબ્રિજથી આગળ વટવા રેલવે સ્ટેશન સુધી લંબાવ્યો છે.

કાગળ અને કલમનું કસબી એટલે....

લોકાર્પણ

આપના વ્યાપાર-ધંધાના વિકાસ માટે આકર્ષક દરે જાહેરાત આપી રાજ્યભરના તમામ જિલ્લાકક્ષાએ તેમજ તમામ તાલુકા કક્ષાએ, ઉપરાંત તમામ ગ્રામ્ય કક્ષાએ છેક છેવાડાના ગામડાંઓ સુધી પહોંચતાં લોકાર્પણ અખબારમાં આપી બહોળો ફેલાવો મેળવો. મૂળભૂત પાયાના પ્રશ્નો, લોકફરિયાદો, અસામાજિક તત્ત્વો દ્વારા થતી હેરાનગતિને વાચા આપવા લોકાર્પણ હંમેશા આપનું પોતીકું બની રહેશે. આપ આપના વિચારો, સૂચનો, મંતવ્યો નિઃસંકોચ મોકલી શકો છો. રમતગમત ક્ષેત્રે, શૈક્ષાણિક ક્ષેત્રે, કલા ક્ષેત્રે, સમાજના ઉત્થાન માટે સિદ્ધિ હાંકલ કરો તો તેની વિગત તમારા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે અમારા કાર્યાલયે મોકલી આપશો તો તેને યોગ્ય સ્થાન આપવામાં આવશે. અમારા આ પ્રયાસમાં તમારો સાથ સહકાર જરૂરી છે. આપ લેખો, કાવ્યો, કલાકૃતિઓ, વાર્તાઓ, સમાચારો કે ફોટાઓ પ્રસિદ્ધ કરાવવા ઈચ્છતા હોય તો અમારા કાર્યાલયને મોકલી આપવા.

**સ્પષ્ટતા :** લોકાર્પણને મોકલવામાં આવતી દરેક પ્રસિદ્ધિની વિગત કોઈની બદનક્ષી કરતી કે ઈર્ષાદ્વિષથી પ્રેરાઈને ન લખેલી હોવી જોઈએ. મોકલેલી વિગતોની સત્યતા માટે કંઈક આધાર-પુરાવો સાથે બીડવો જરૂરી છે. આમ છતાં પુરાવા વિના વિગત મોકલવામાં આવશે તો તેને પ્રસિદ્ધિ આપવામાં આવશે નહીં. અમને મોકલવામાં આવતી તમામ પ્રકારની પ્રસિદ્ધિની વિગતો સાથે જે તે મોકલનારનું સરનામું સહી સાથે જરૂરી છે.

તંત્રી : ગૌરાંગ પંડ્યા
[M] 99099 69099

## સંક્ષિપ્ત સમાચાર

### નાઈઝીરીયન યુવા-યુવતી ૮૮ હજારનાં દારૂ સાથે ઝડપાયા

વલસાડના પારડી હાઈવે પર નાઈઝીરીયન યુવા યુવતી બંને દારૂની કાર સાથે ઝડપાયા છે. પોલીસ દ્વારા આ બંને નાઈઝીરીન લોકોને ફિલ્મી ઢબે પકડવામાં આવ્યા છે. પોલીસે આ બંને લોકોને બગવાડા ટોલ નાકા પાસે ઝડપી પાડ્યા હતાં. પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ દરમિયાન બંને લોકોએ બરોડાની પારુલ કોલેજના વિદ્યાર્થી હોવાના પુરાવા બતાવ્યા હતા. પોલીસે બંને લોકોની રૂપિયા ૮૮ હજારનો દારૂ સાથે કારની ઝડપી પાડ્યા હતા બાદમાં તેમને અને કાર પણ ડિટેઈન કરી છે. આ દરમિયાન તેમની પાસેથી પારુલ કોલેજના આઈકાર્ડ અને પુસ્તકો મળી આવ્યા હતાં. પોલીસ દ્વારા પૂછપરછ દરમિયાન યુવાને યુવતી તેની કઝીન બેન હોવાનું જણાવ્યું હતું. પોલીસને શંકા જતાં પોલીસે પૂછપરછ કરતા કારમાંથી અંદાજે ૮૮ હજારના વિદેશી દારૂની ૧૪૬ બોટલો મળી આવી હતી. આથી પોલીસે બંનેની પૂછપરછ પોલીસે હાથ ધરી હતી. જે દરમ્યાન તેઓ આ દારૂ દમણથી લઈ આવ્યા હતા. અને બંને પાસે બરોડાની પારુલ કોલેજના પુરાવા રૂપે આઈ કાર્ડ મળી આવ્યા હતા.

### મ્યુનિ.ની ઈ-સ્માર્ટ લાઈબ્રેરી : ૫૦ હજાર પુસ્તકો મોબાઈલ પર વાંચવા મળશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા સ્માર્ટસિટી મિશન હેઠળ શહેરીજનોને વધુમાં વધુ ક્ષેત્રમાં સ્માર્ટ સેવા પૂરી પાડવા વિભિન્ન પ્રોજેક્ટનું અમલીકરણ કરાયું છે અને કેટલાક પ્રોજેક્ટ અમલીકરણની દિશામાં આગળ ધપી રહ્યા છે, જેમાં ઈ-સ્માર્ટ લાઈબ્રેરી પ્રોજેક્ટનો પણ સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ હેઠળ આગામી એક મહિનામાં અમદાવાદીઓને ૫૦,૦૦૦થી વધુ ઈ-બુક મોબાઈલ પર આંગળીના ટેરવે વાંચવા મળે તેવી શક્યતા છે. આગામી દિવસોમાં એમ.જે. લાઈબ્રેરી તેમજ તેના શાખા પુસ્તકાલય તેમજ શહેરની અન્ય આર્ટ લાઈબ્રેરી સહિતની લાઈબ્રેરીના સભ્યોને ૫૦,૦૦૦થી વધુ પુસ્તકો ઈ-બુકના સ્વરૂપે મોબાઈલ એપના માધ્યમથી મફતમાં વાંચવાનો લહાવો મળશે. આમ તો તંત્રે એક લાખ ઈ-બુકનો સમાવેશ કરવાની બાબતને ટેન્ડરમાં મહત્ત્વ આપ્યું છે. સ્માર્ટ સિટી મિશનના ઈ-સ્માર્ટ લાઈબ્રેરી પ્રોજેક્ટ હેઠળ ધર્મ, વિજ્ઞાન, ટેક્નોલોજી, રમતગમત, ઈતિહાસ, આરોગ્ય અને બાળ સાહિત્યને લગતી ૫૦,૦૦૦ ઈ-બુક, ૨૦૦ જેટલી ઓડિયો બુક, ૫,૦૦૦ શૈક્ષણિક વિડીયો, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય વિષયો પરના રિસર્ચ પેપર્સ, મેડિકલ જર્નલનો સમાવેશ ધરાવતા ૨૦,૦૦૦ આર્ટિકલ વગેરેને ઈ-સ્માર્ટ લાઈબ્રેરી હેઠળ આવરી લેવાશે.

### મોબાઈલ-રોકડ રકમ લૂંટી ચપ્પાનાં ઘા ઝીંકીને લૂંટારૂઓ ફરાર થઈ ગયા

અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે હત્યા, ચોરી, લૂંટ જેવા બનાવો વધી રહ્યા છે, બે દિવસ પહેલા બહેરામપુરામાં સામાન્ય તકરારમાં થયેલી હત્યાનો મામલો હજુ શાંત નથી પડ્યો ત્યારે દાણીલીમડામાં એક યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી છે. કુદરતી હાજતે ગયેલા યુવકને અજાણ્યા શખ્સોએ લૂંટી લીધા બાદ મોતને ઘાટ ઉતાર્યો હતો. દાણીલીમડા પોલીસે આ મામલે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. બારેજામાં રહેતો ૪૦ વર્ષિય મહેન્દ્ર ઉર્ફે મનોજ પરમાર દાણીલીમડા વિસ્તારમાં આવેલી એક ફેક્ટરીમાં નોકરી કરતો હતો. તે સવારે મહેન્દ્ર ૯ વાગે ફેક્ટરી પર રાબેતા મુજબ આવી ગયો હતો. મહેન્દ્રને સવારે દસ વાગ્યાની આસપાસ તેના ફેક્ટરીની બાજુમાં આવેલ બંધ ફેક્ટરીની અવાવરુ જગ્યા પર કુદરતી હાજત કરવામાં ગયો હતો. આ બંધ ફેક્ટરીમાં પહેલાથી કેટલાક તોફાની તત્વો અડ્ડો જમાવીને બેઠા હતા. મહેન્દ્ર જેવો ફેક્ટરીની જગ્યા પર ગયો ત્યારે તોફાની તત્વોએ તેના પર હુમલો કરી દીધો હતો અને તેની પાસે રહેલ મોબાઈલ ફોન અને રોકડ રકમ લૂંટીને ચપ્પાના ઘા મારીને ફરાર થઈ ગયા હતા. લોહીથી લથપથ થયેલો મહેન્દ્ર ફેક્ટરીની બહાર આવ્યો હતો અને એકાએક જમીન પર ઢળી પડ્યો હતો. સ્થાનિકોએ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો જ્યા તેનું મોત થયુ હતું.

### શાકભાજી માર્કેટમાં શેષ મામલે વેપારીઓ અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે ઝપાઝપી થઈ

શાકભાજી માર્કેટમાં શેષ મામલે નાના વેપારી તથા માર્કેટયાર્ડના સિક્યુરિટી વચ્ચે ઝપાઝપી સર્જાતા મામલો ગરમાયો હતો. જેને લઈને અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ત્યાં વેપારીઓ અને લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાને લઈ ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિ પર કાબૂ મેળવવા પ્રયત્ન હાથ ધર્યા હતાં. શુક્રવારે વહેલી સવારે શાકભાજી ભરીને જતાં વેપારીને સિક્યુરિટી સાથે મગજમારી થતાં તેને માર માર્યો હતો. શાકભાજી માર્કેટમાં વેપારીઓ સહિત અન્ય લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. શરૂઆતમાં જ ટોળામાં સામેલ લોકોએ પોલીસ કર્મચારીને બાનમાં લીધો હતો અને તેને પીછો કરી દોડાવ્યો હતો. બનાવના પગલે એપીએમસીના સંચાલકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. નાના વેપારીઓ સહિતના શાકભાજી માર્કેટમાં શેષ બંધ કરવાની માંગ કરી હતી. એપીએમસી સેક્રેટરીએ જણાવ્યું હતું કે, પાંચ વર્ષથી શેષ ફી લેવામાં આવી રહી છે. આજે કેટલાક વેપારીઓ સાથે મગજમારી થઈ હતી. જેને લઈ કેટલાક ટોળાએ માર્કેટને બાનમાં લેવા પ્રયાસ કર્યો હતો.વેપારીઓ સાથે બેઠક યોજી યોગ્ય નિરાકરણ લાવીશું.

### ભાનુશાળીની હત્યા નલિયાકાંડના આરોપીને બચાવવા થઈ છે : તુષાર

ભાજપના રાજમાં મહિલાઓ પર અત્યાચાર વધ્યાના આક્ષેપ સાથે વ્યારામાં કોંગ્રેસ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. તુષાર ચૌધરીની અધ્યક્ષતામાં નીકળેલી રેલીમાં ભાજપથી બેટી બચાવોના નારા લાગ્યાં હતાં. તુષાર ચૌધરીએ ભાજપ પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, નલિયાકાંડના આરોપીઓને બચાવવા માટે જયંતિ ભાનુશાળીની હત્યા કરવામાં આવી છે. તાપી જિલ્લાના વ્યારાનું રાજકારણ છેલ્લા કેટલાક સપ્તાહથી ગરમાયું છે. ગત સોમવારે વ્યારા ખાતે ભાજપ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપે આ રેલી દ્વારા વ્યારા નગરમાં અસામાજિક તત્વોને ડામવા માટેનો અવાજ ઉઠાવ્યો હતો. જ્યારે શુક્રવારે કોંગ્રેસ દ્વારા યોજાયેલી રેલીમાં મહિલાઓ પર થતા અત્યાચારો દિનપ્રતિદિન વધી રહ્યાં હોવાના આક્ષેપ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જોડાયેલી મહિલાઓએ ભાજપ વિરોધી નારાઓ લગાવ્યા હતાં. સાથે કટ આઉટ અને બેનર પર સુત્રો લખીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

### પીએમ મોદીની સાથે કામ કરનાર જનસંઘી કૃષ્ણલાલ પરનામીનું ૯૦ વર્ષની વયે નિધન

પાદરાના જુના જનસંઘી કૃષ્ણલાલ ગંગારામ પરનામીનું ૯૦ વર્ષની વયે શુક્રવારે નિધન થયું છે. ૧૯૫૦થી આરએસએસ સાથે સંકળાયેલા કિશનલાલ પરનામી જનસંઘ સમયે અનેક આંદોલનમાં અગ્રેસર રહ્યા હતા. કૃષ્ણલાલ પરનામીનો સિંધ પ્રાંતમાં જન્મ થયો હતો. આઝાદી પછી તેમનો પરિવાર જયપુર આવીને વસ્યો હતો. જ્યાંથી તેઓ પાદરામાં આવીને વસવાટ કર્યો હતો. પાદરામાં તેઓ પરનામી શેઠ તરીકે જાણીતા હતા. તેમના બે પુત્રો વિજય અને અજય છે. કૃષ્ણલાલ પરનામી લાલકૃષ્ણ અડવાણી, નરેન્દ્ર મોદી, કેશુભાઈ પટેલ અને અશોક સિંઘલ સાથે જનસંઘમાં કાર્ય કર્યું હતું. તેઓએ ઈન્દિરા ગાંધીએ લગાવેલી ઈમરજન્સીમાં ૧૮ મહિના સુધી જેલવાસ પણ ભોગવ્યો હતો. કૃષ્ણલાલ પરનામી ૧૯૯૦માં પાદરા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. પરંતુ તેઓ ચૂંટણીમાં હારી ગયા હતા. ભાજપમાં તેઓ છેલ્લે સુધી સક્રિય રહ્યા હતા. કિશનલાલ પરનામીનું નિધન થતાં તેમના પાદરા સ્થિત નિવાસ સ્થાને ભાજપના કાર્યકરો, આગેવાનો અને સાથી મિત્રો દોડી આવ્યા હતા.

## 'કરુણા અભિયાન' મુખ્યમંત્રીશ્રીએ ઘવાયેલા પક્ષીઓની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) અમદાવાદ,

ઉત્તરાયણનું પર્વ આવે એટલે એક તરફ પતંગ રસિયાઓ, વેપારીઓ પોતાની મોજ માટે ધાર દાર દોરીઓ અને અવનવા પતંગો તુક્કલોની ખરીદ વેચાણમાં વ્યસ્ત થઈ જાય. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કેટલાક જીવદયા પ્રેમીઓ પણ આ ઉત્તરાયણના પર્વે ખૂબ જ વ્યસ્ત થઈ ગયા છે. ઉત્તરાયણ પર્વે પક્ષી પ્રેમીઓ, જીવદયાના સમર્થનન માટેની ઝૂંબેશ કરનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. પતંગ દોરીથી પક્ષીઓ ઘાયલ ના થાય તેમજ એમને યોગ્ય સારવાર મળી રહે એ માટે વન વિભાગ પણ લોકોને જાગૃત કરવા પ્રયત્નો કરે છે. આ વર્ષે વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર અમદાવાદ દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વન વિભાગે યોજેલા કરુણા અભિયાન નામના કાર્યક્રમમાં ખુદ રાજયના મુખ્યપ્રધાન વિજય રુપાણીએ હાજરી આપી. ૧૧ જાન્યુઆરી, શુક્રવારની સવારે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાને ઉપસ્થિત રહી વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં આવતા ઘવાયેલા પક્ષીઓ, એમની સારવાર, ઓપરેશન રુમ્સની મુલાકાત લીધી. વન વિભાગના આ કેમ્પસમાં વૃક્ષા રોપણ પણ થયું. ત્યાર બાદ મુખ્ય પ્રધાન વિજય રુપાણીએ જણાવ્યું કે, ઉત્તરાયણ પર્વને પર્વનો આપણે આનંદ માણીએ પરંતુ સાથે પતંગ-દોરીથી રંગાયેલું આ આકાશ પક્ષીઓના લોહીથી રંગાય નહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ. ચાઈનીઝ બનાવટની દોરીઓ, સળગતી તુક્કલો, ઈજા થાય એવા ફટાકડાથી લોકોએ દુર રહેવું જોઈએ. ઉત્તરાયણના ઉત્સવની સાથે જ ઘવાયેલા પક્ષીઓને યોગ્ય સેન્ટરમાં સારવાર મળી રહે તો જ આપણી કરુણા સાર્થક થઈ કહેવાય.

## સબજેલમાં કાચાકામનો કેદી પોલીસને ચકમો આપીને હોસ્પિટલમાંથી ફરાર

(પ્રતિનિધિ) ઝાલોદ,

ઝાલોદ સબજેલનો કાચા કામનો કેદી શુક્રવારે વહેલી સવારે પોલીસ જાપતામાંથી ફરાર થઈ ગયો હતો. નાગા ઉર્ફે નાગેશ નિનામા નામનો આરોપી ત્રણ મહિનાથી ઝાલોદ સબજેલમાં સજા ભોગવી રહ્યો હતો. સવારે આરોપીને સારવાર માટે ઝાલોદ સિવિલ હોસ્પિટલ લઈ જવાતો હતો ત્યારે પોલીસને ચકમો આપીને ફરાર થયો હતો. ઉલ્લેખનીય છે કે, ત્રણ વર્ષ પૂર્વે પણ ઝાલોદ સબજેલમાંથી ૧૧ કેદીઓ ફરાર થયા હતા. આમ પોલીસ સુરક્ષા સામે અનેક સવાલો ઊભા થાય છે. મળતી માહિતી પ્રમાણે ઝાલોદ સબજેલમાં છેલ્લા ત્રણ મહિનાથી નગા ઉર્ફે નાગેશ નિનામા નામનો આરોપી સજા ભોગવી રહ્યો હતો. તેને સવારે સારવાર અર્થે ઝાલોદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જોકે, નાગેશ પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હતો. કાચા કામનો આ કેદી છેલ્લા ત્રણ મહિનાથી ઝાલોદ જેલામાં સજા ભોગવી રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ત્રણ વર્ષ પૂર્વે પણ ઝાલોદ સબજેલમાંથી ૧૧ કેદીઓ ફરાર થયા હતા. આમ છાસવારે પોલીસ જાપ્તામાંથી કેદીઓ ફરાર થવાની ઘટનાથી પોલીસ સુરક્ષા ઉપર સવાલો ઊભા કર્યા છે.

## Know India Programme : 9 દેશોના યંગસ્ટર્સ ગુજરાતના પ્રવાસે

(પ્રતિનિધિ) ગાંધીનગર,

ગુજરાતના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ 'નો ઈન્ડીયા પ્રોગ્રામ' અંતર્ગત ભારત-ગુજરાત ભ્રમણ માટે આવેલા ૯ દેશોના ૪૦ જેટલા યુવાઓને ''કનેક્ટ ટુ ઈન્ડીયા''નું પ્રેરક આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિવિધતામાં એકતાની સાંસ્કૃતિક ધરોહર અને ધાર્મિક વૈજ્ઞાનિક પરંપરાના સમન્વયથી ભારતે જ્ઞાનની આ સદીમાં યુવા વર્કફોર્સ અને વર્લ્ડ માર્કેટમાં મોટું યોગદાન આપ્યું છે તેની વ્યાપકતાનો લાભ આ વર્લ્ડ યુથ લે તે સમયોચિત છે. મુખ્યપ્રધાનની મુલાકાતે આવેલા આ ૯ દેશોના ૪૦ યુવાઓ ભારત સરકારના વિદેશ મંત્રાલયની 'નો ઈન્ડીયા પ્રોગ્રામ' યોજના અન્વયે ગુજરાતના ૧૦ દિવસીય પ્રવાસે આવેલા છે. મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ આ યુવાશકિત સાથે રસપ્રદ સંવાદ તેમના નિવાસસ્થાને કર્યો હતો. તેમણે કહ્યું કે, યુવાનો હવે હરેક ક્ષેત્રે નેતૃત્વ ક્ષમતાથી આગળ આવી રહ્યા છે અને પોતાના જ્ઞાન કૌશલ્યથી પ્રભાવ ઊભો કરી રહ્યા છે ત્યારે ભારત જેવા વિશાળ જનસંખ્યા ધરાવતા વિકસીત રાષ્ટ્ર માટે પણ આ યુથ પાવર પોતીકાપણું દર્શાવી વિકાસને વધુ ઉન્નત બનાવવા યોગદાન આપે. મુખ્યપ્રધાને આ યુવાનોને પ્રરેણા આપતાં જણાવ્યું કે, વિશ્વના નાના રાષ્ટ્રોમાં વિકાસ ઝડપી થાય છે કેમ કે તેમણે બહુધા સમસ્યાઓ હોતી નથી પરંતુ ભારત જેવા મોટા રાષ્ટ્રે સમસ્યાઓ બાવજૂદ પણ વિકાસની ઊડાન ભરી છે તે આ યુવાનોએ તેમની મુલાકાતમાં અનુભવ્યું જ હશે.

## આજવા સરોવરથી મળતું દુષિત પાણી ચોખ્ખું કરવા ખાનગી એજન્સીની મદદ લેવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,

કોર્પોરેશનના અધિકારીઓએ આજવા નિમેટાની મુલાકાત લીધી. વડોદરા શુક્રવાર વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પીવાનું પાણી પીળા રંગનું મળતું હોવાથી લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. દુર્ગંધ મારતા આ પાણીમાં અળસિયા પણ જોવા મળે છે. સયાજીપુરા આજવા રોડ ગાજરાવાડી કપુરાઈ અને નાલંદા ટાંકી હેઠળના વિસ્તારમાં આવું પીળા રંગનું પાણી મળતું હોવાની ફરિયાદ છે. જેથી કોર્પોરેશનના અધિકારીઓએ ગઈકાલે આજવા સરોવર અને પાણી જ્યાં થાય છે. તેની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું જોકે કોર્પોરેશનના પાણી પુરવઠા ખાતાના અધિકારીઓનું કહેવું છે કે આજવા નિમેટાથી આવતા પાણી માં દેખાઈ રહી છે. આમ છતાં પાણી ચોખ્ખું કરવા ફટકડીનું પ્રમાણ વધાર્યું છે જોકે આ પાણીનો લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવ્યો છે અને પાણી પીવાલયક હોવાનો રિપોર્ટ મળ્યો છે. આજવા સરોવરથી મળતા પીળા રંગના પાણીની સમસ્યા અંગે પાણી ચોખ્ખું કેવી રીતે કરી શકાય તે માટે ૨ ખાનગી એજન્સીની મદદ લેવા વિચારણા છે. કોર્પોરેશને આ એજન્સીનો સંપર્ક કર્યો છે. જેણે પાણી ચોખ્ખું કરવા માટે ટ્રાયલ પણ કરી હતી. આ એજન્સી પાણી કેમિકલ નાખીને ચોખ્ખું કરી આપે છે. હવે પછી આ એજન્સીનો ડેમો જોઈને તેમનો કોન્ટેક કરવામાં આવશે.

## સાયકલ સવાર બે વિદ્યાર્થીઓને ડમ્પરે અડફેટે લેતા એકનું મોત

(પ્રતિનિધિ) ગોધરા,

ગુજરાતમાં માર્ગ અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જાય છે. જેમાં અનેક લોકો પોતાનો જીવ ગુમાવતા હોય છે. આવી જ એક ઘટના ગોધરાના મહુલિયા ગામે પાસે બની હતી. શાળાએ જતાં બે સાયકલ સવારને ડમ્પરે અડફેટે લીધા હતા. જેના પગલે બે પૈકી એક વિદ્યાર્થીનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક વિદ્યાર્થીને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાના પગલે સ્થાનિક લોકોનું ટોળું એકઠું થયું હતું. જ્યારે ડમ્પર ચાલક સ્થળ ઉપરથી ફરાર થયો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. પોલીસ પણ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી પ્રમાણે ગોધરાના મહુલિયા ગામે બે વિદ્યાર્થીઓ સવારે બે સાયકલ ઉપર સવાર થઈને શાળાએ જતાં હતા. આ સમયે એક ડમ્પરે આ બંને વિદ્યાર્થીઓને અડફેટે લીધા હતા. જેના પગલે એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક વિદ્યાર્થી ઘાયલ થયો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળા એકઠાં થયા હતા.

## વધુ એક બાળકી પીંખાઈ... ત્રણ વર્ષની માસુમ સાથે દુષ્કર્મ થતા ખળભળાટ

(પ્રતિનિધિ) સુરત,

સુરતના હજીરા ખાતે ત્રણ વર્ષીય માસુમ બળકી ઉપર દુષ્કર્મ થયાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. માસુમને લોહીલુહાણ અને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવને પગલે શહેર પોલીસના ઉચ્ચ અધિકારી ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુરુવારે સાંજે હજીરા ખાતે ત્રણ વર્ષીય બાળકી ઘરના પાછળના ભાગે આવેલી ઝાડીમાંથી લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. પીડિત બાળકીના ઘર પાસે રહેતા યુવાનના હાથમાં એક ૧૨-૧૩ વર્ષીય કિશોર આ બાળકીને છોડીને ભાગી ગયો હતો. કિશોરે આ યુવાનને એવી હકીકત આપી હતી કે, પોતે ઝાડી પાસેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે આ બાળકીને તેને લોહીલુહાણ હાલતમાં દેખાઈ હતી. ત્યારબાદ પોતે તેણીને લઈને આવ્યો હતો. આ બાળકી બપોરે ત્રણ વાગ્યાથી ગાયબ હોવાનું જાણવા મળે છે. પરિવારના સભ્યો તેણીની શોધખોળ કરી રહ્યાં હતા. દરમિયાનમાં સાંજે છ વાગ્યાના અરસામાં ઝાડીમાંથી મળી આવી હતી. પરપ્રાંતીય પરિવારની આ બાળકીને ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયી હતી. તબીબોએ જણાવ્યું હતું કે, બાળકી ગુપ્ત ભાગેથી લોહી નીકળી રહ્યું હતું. જ્યારે તેણીના શરીર ઉપર સ્પમ મળી આવ્યું હતું. બાળખી ગંભીર હાલતમાં જોતા તેણીને તાત્કાલિક વધુ સારવાર માટે ગાયનેક વિભાગમાં રિફર કરવામાં આવી હતી. હજીરા પીઆઈ આર.આર. આહીરે જણાવ્યું હતું કે, બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ શરૂ કરી. બનાવને પગલે ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી અને એસઓજીની સાત ટીમ બનાવની તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે બાળકીને છોડીને ભાગી જનાર કિશોરની દિશામાં તપાસ હાથ ધરી છે.

## અ.મ્યુ.કો.નાં ૨૦૦ કરોડના બોન્ડનો ઈશ્યુ, પહેલીવાર ઓનલાઈન બોલી લાગશે

(પ્રતિનિધિ) અમદાવાદ,

રાજ્ય સરકારે ૨૦૧૮ના અંતમાં ૨૦૦ કરોડના ટેક્સેબલ બોન્ડ બહાર પાડવા અમદાવાદ મ્યુનિપલ કોર્પો.ને મંજૂરી આપી હતી. જાન્યુઆરીમાં બોન્ડ ઈશ્યુ કરવા સેબીની ગાઈડલાઈન મુજબ એજન્સીઓની એએમસીએ નિમણૂંક કરી હતી. ઓનલાઈન વ્યાજની બોલી બોલાતા તેમાંથી ઈસ્ટિટ્યુટ પસંદ થશે. અત્યાર સુધી કોર્પોરેશને ૩૨૫ કરોડના ટેક્સ ફ્રી બોન્ડ બહાર પાડ્યા હતા. પહેલી વખત ટેક્સેબલ બોન્ડ ઈશ્યુ કરાશે. બેંક્રો, એલઆઈસી, મ્યુચ્યુફંડની કંપનીઓ રોકાણ કરે તેવી શક્યતા છે. અમૃત યોજના હેઠળ સમાવિષ્ટ કામો માટે ૨૦૦ કરોડના બોન્ડ બહાર પાડ્યા છે. જે રકમનો તે કામો માટે ઉપયોગ કરવામાં આવશે. રેટિંગને પગલે બોન્ડના વ્યાજની ૨૫ કરોડ રકમ અને કેન્દ્ર સરકારના પરિપત્ર મુજબ સબસિડી પેટે ૨૫ કરોડ કેન્દ્ર સરકારમાંથી મળશે. બોન્ડને પગલે એએમસીને ૫૦ કરોડનો ફાયદો થશે.

## છકડાની ટક્કરે બાઈક, લક્ઝરી બસ સાથે અથડાતાં દંપતિનું મોત થયું

(પ્રતિનિધિ) વડોદરા,

વડોદરા શહેરથી ૪૦ કિ.મી.દૂર હાલોલ ખાતે પાવાગઢ રોડ પર બપોરે છકડાએ બાઈકને ટક્કર મારી હતી. છકડાની ટક્કરનાં કારણે બાઈક સામે આવતી લક્ઝરી બસ સાથે અથડાયુ હતું. આ અકસ્માતમાં બાઈક પર જતાં પરિવાર પૈકી યુવકનું ઘટના સ્થળે જ મોત થયુ હતું જ્યારે યુવકની પત્ની અને ૬ વર્ષની બાળકીને ગંભીર ઈજાઓ સાથે વડોદરા ખસેડાઈ હતી જ્યાં પત્નીનું મોત થયુ હતું. બાળકી સારવાર હેઠળ છે. કાલોલ તાલુકાનાં મલાવ ગામ પાસે આવેલા મેદાપુરા ગામનાં જેતપુર ફળીયામાં રહેતો જિતેન્દ્ર રયજી પરમાર (ઉ.૨૮) તેની પત્ની રેખા (ઉ.૨૫)અને પુત્રી વનીતા (ઉ.૬) બપોરે બાઈક લઈને હાલોલ તાલુકાના જેપુરા ગામમાં રહેતા સંબંધીને મળવા જતાં હતાં. તેઓ હાલોલમાં પાવાગઢ રોડ પર સીંધવાવ માતાજીના મંદિર પાસેથી પસાર થતાં હતા ત્યારે પાછળથી પુરપાટ ધસી આવેલા એક છકડાએ જિતેન્દ્રની બાઈકને ટક્કર મારી હતી. આ દરમ્યાન જ સામેથી સ્કૂલનાં બાળકોનાં પ્રવાસની એક લક્ઝરી બસ પણ આવી રહી હતી. છકડાની ટક્કરે જિતેન્દ્રની બાઈક લક્ઝરી બસ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં જિતેન્દ્રનું ઘટના સ્થળે જ મોત થયુ હતું જ્યારે રેખા બેભાન હતી પરંતુ શ્વાસ ચાલી રહ્યાં હોવાંથી તેને તથા તેની ઈજાગ્રસ્ત બાળકીને સારવાર માટે એસએસજી હોસ્પિટલ લાવવામાં આવ્યાં હતાં. અહીં સારવાર મળે તે પહેલા જ રેખાનું મોત થયું હતું. જ્યારે ૬ વર્ષની બાળકી વનીતા હાલ સારવાર હેઠળ છે.છકડા ચાલકની એક ભુલના કારણે બે જણનાં મોત થયાં હતાં જ્યારે એક છ વર્ષની બાળકી અનાથ થઈ ગઈ છે.

## વીએમસીની ડાયરીમાં માજી મેયર ભરત ડાંગરનું નામ નહિ

(પ્રતિનિધિ) વડોદરા,

વડોદરા મહાનગર પાલિકાની વર્ષ ૨૦૧૯ની ડાયરી પ્રસિદ્ધ થઈ છે. જેમાં અનેક છબરડા બહાર આવ્યા છે. વડોદરા મહાનગર પાલિકાની વર્ષ ૨૦૧૯ની ડાયરી તાજેતરમાં બહાર પાડવામાં આવી હતી. આ ડાયરીમાં અત્યાર સુધીના માજી મેયર સ્થાયી સમિતિ અધ્યક્ષ તેમજ માજી ડેપ્યુટી મેયરના નામોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવતી હોય છે, પરંતુ આ વર્ષે થયેલી યાદીમાં માજી મેયરની યાદીમાં અગાઉના દસમીઓના નામ પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે, જ્યારે ગત ટર્મમાં અઢી વર્ષ સુધી રહેલા માજી મેયર ભરત ડાંગરના નામની બાદબાકી કરી દેવામાં આવી છે. જેથી રાજકીય મોરચે ચર્ચાનો વિષય બન્યો છે.

## પી.એફ. ઓફિસના અધિકારી પાંચ લાખની લાંચ લેતા ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા,

વડોદરાની પી.એફ ઓફીસ ખાતે સીબીઆઈની ટીમે દરોડો પાડી અને એન્ફોર્સમેન્ટ ઓફિસરને પાંચ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. મહત્વનું છે કે અધિકારી રજનીશ તિવારીની પત્ની પારુલ તિવારી ત્રણ માસ અગાઉ આજ ઓફિસમાં એક લાખ રૂપિયાની લાંચ સ્વીકારતા ઝડપાઈ હતી. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલી કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનની કેન્દ્ર સરકાર સંચાલિત કચેરીમાં આજે સવારે સીબીઆઈ ની ટીમે દરોડા પાડ્યા હતા. કચેરીના એન્ફોર્સમેન્ટ અધિકારી રજનીશ તિવારી એ એક ફરિયાદી પાસે સર્વે માટે ૨૦ લાખ રૂપિયાની લાંચની માગણી કરી હતી. જે બનાવમાં આજે પ્રથમ હપ્તો પાંચ લાખ રૂપિયા આપવાનો હતો. ફરિયાદીએ સીબીઆઈનો સંપર્ક કરતા સીબીઆઈ દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો અને રજનીશ તિવારી ફરિયાદી પાસેથી પાંચ લાખ રૂપિયાની લાંચ સ્વીકારતા ઝડપી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરાની પીએફ ઓફિસમાં પત્ની પારુલ તિવારી અને પતિ રજનીશ તિવારી સાથે નોકરી કરતા હતા ત્રણ માસ પહેલા પારુલ તિવારી એક લાખ રૂપિયા ની લાંચ કેસમાં સંડોવાઈ હતી અને આગોતરા મેળવવા માટે ધમપછાડા કર્યા હોવા છતાય આગોતરા નહિ મળતા અંતે તેની ધરપકડ થઈ હતી. ત્રણ માસના ટુંકા સમયમાં પતિ રજનીશ તિવારી સીબીઆઈના હાથે લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી જવા પામ્યો હતો.

## ૧૪-૧૫ જાન્યુ.એ ઓવરબ્રિજ ટુ વ્હીલર ચાલકો માટે બંધ રહેશે

(પ્રતિનિધિ) સુરત,

સુરત પોલીસ દ્વારા ઊત્તરાયણના તહેવારને લઈને એક પછી એક તઘલખી નિર્ણય જાહેર કરવામાં આવી રહ્યા છે. જેને પગલે હવે સુરતીઓમાં પણ નિરાશા વ્યાપી ગઈ છે. પહેલા પતંગ ચગાવવાના સમયની મર્યાદા બાદ હવે ઓવરબ્રિજ પર ઉત્તરાયણ દરમિયાન ગાડી ચલાવવાને લઈને પણ સુરત પોલીસ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. ઊત્તરાયણને લઈને સુરત પોલીસ કમિશનર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ, ૧૪-૧૫ જાન્યુઆરીના રોજ ટુ-વ્હીલર માટે ઓવરબ્રિજ બંધ રહેશે. એટલે કે સુરતના ઓવરબ્રિજ પર ટુ વ્હીલર ચાલકો ગાડી ચલાવી શકશે નહિ. સુરત પોલીસના જણાવ્યા અનુસાર, લોકોની સલામતીના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સુરત પોલીસ દ્વારા હજી ગઈ કાલે પતંગ ચગાવવાના સમયને લઈને જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર દ્વારા એક તઘલખી ફરમાન બહાર પાડવામા આવ્યુ છે કે, ઉત્તરાયણના ૮ દિવસ સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ પતંગ નહિ ચગાવી શકાશે. આ સમયગાળા દરમિયાન પક્ષીઓ માળામાંથી બહાર આવતા-જતા હોવાથી તેઓને પતંગના કાતિલ દોરાથી ઈજા થવાની સંભાવના હોય છે. જેને કારણે આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

## ઉત્તરાયણના ચાર દિ' પહેલા આરોગ્ય વિભાગ ચિક્કીની ગુણવત્તા તપાસશે

(પ્રતિનિધિ) વડોદરા,

વડોદરા મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગનો ઘાટ કંઈક એવો છે કે તહેવારોના અંતિમ દિવસોમાં માત્ર દેખાડા પૂરતું ચેકિંગ કરવા ટીમો મેદાને ઉતરી પડી છે. જોકે આ ચેકિંગમાં પણ માત્ર રિટેઈલ વેપારીઓ પાસે જ નમૂના લેવામાં આવ્યા છે. જ્યારે ફેક્ટરીઓ પર ચેકિંગ કરવામાં આવ્યું નથી. વડોદરા નગર પાલિકાના આરોગ્ય વિભાગે ઉત્તરાયણના ચાર દિવસ પહેલા બજારોમાં વેચાતી અખાદ્ય ચિક્કીનો જથ્થો ઝડપી પાડવા મેદાને ઉતર્યા છે. જોકે બજારમાં એક મહિનાથી ચીક્કી વેચાઈ રહી છે. શુક્રવારે પાલિકાની વિવિધ ટીમોએ કેટલીક સ્વીટ્સ અને ફરસાણની દુકાનો પર વેચાતી ચિક્કીના નમૂના લેવાની તજવીજ આરંભી હતી.

## સીએમ રૂપાણી આગામી ચાર વર્ષના વિકાસનો રોડ મેપ આપશે

(પ્રતિનિધિ) ગાંધીનગર,

મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં આ વખતે નવમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૯ અંતર્ગત આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું શ્રેષ્ઠ કેન્દ્ર બનવા ગુજરાતે જે દોટ મુકી છે. તેનો રોડ મેપ 'ગુજરાત સ્પ્રિન્ટ ટુ ૨૦૨૨' અંતર્ગત સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ થશે. ગુજરાતમાં રાજકીય સ્થિરતા, શિક્ષણની સુવિધા, તબીબી સુવિધાઓ, રોજગારી તકો અને મજબૂત કનેક્ટિવિટી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે જેના પરિણામે ગુજરાત શાંતિપૂર્ણ જીવન જીવવા માટે યોગ્ય સ્થળ દર્શાવવાનો પણ ઉદ્દેશ છે. આ ઈવેન્ટમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી ગુજરાતની ૨૦૨૨ અને તેથી આગળની ભાવિ વિકાસયાત્રાનું આગવું વિઝન રજૂ કરશે.

## હોટેલ એન્ડ રેસ્ટો. એસોસિયેશને સ્વિગિના ઓર્ડર લેવાના બંધ કર્યા

(પ્રતિનિધિ) અમદાવાદ,

શુક્રવારથી કમિશન સહિત વિવિધ પ્રશ્નોને લઈ શહેરના હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ્સ એસોસિયેશન દ્વારા ઓનલાઈન ફૂડ ડિલવરી કંપની સ્વિગિ પાસેથી ઓર્ડર લેવાનું બંધ કર્યું છે. જ્યારે ઉબેર ઈટ્સ અને ઝોમેટો સહિતની બીજી ઓનલાઈન ફૂડ ડિલવરી કંપની સાથે હાલ વાતચીત ચાલી રહી છે. ગુરુવારની સાંજે હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશનના પ્રતિનિધિઓની ગ્રાન્ડ ભગવતી હોટેલમાં મળેલી બેઠકમાં ૫૦૦થી વધુ રેસ્ટોરન્ટ્સ, હોટેલ માલિકો-સંચાલકોએ ઓનલાઈન ફૂડ કંપનીની દાદાગીરી સામે નહીં ઝુકવાનો નિર્ધાર કર્યો હતો. ઝોમેટો અને સ્વિગિના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠકમાં સ્વિગિએ પોતાની શરતે જ કમિશન લેવાની વાત સ્પષ્ટ કરી છે. જ્યારે ઝોમેટોએ સમય માગ્યો છે. તેથી આ બેઠકમાં જ સ્વિગિના ઓર્ડર નહીં લેવાનો એકમતે નિર્ધાર થયો હતો. જો કોઈએ વર્ષના કરાર કર્યા હોય અને સ્વિગિ લીગલ પ્રક્રિયા કરે તો પણ એસોસિયેશન જે-તે હોટેલ, રેસ્ટોરન્ટ્સ માલિકના પડખે રહેશે તેવી જાહેરાત પણ કરાઈ હતી. આ બેઠકમાં ચર્ચા થઈ હતી કે એક સમયના હોટેલ કે રેસ્ટોરન્ટના ગ્રાહકો હવે ઓનલાઈન ફૂડ કંપનીના બની ગયા છે. તેથી ગ્રાહકોને પાછા હોટેલ કે રેસ્ટોરન્ટ સુધી લાવવા પણ મહેનત કરવી પડશે. આ કંપનીઓ દ્વારા મોટા પાયે ડેટા એકત્રિત કરાઈ રહ્યા છે અને તે પણ તેઓ વેચી રહ્યા હોવાની ચર્ચા થઈ હતી.

## છ દાયકા જૂનાં કાલુપુર શાક માર્કેટને ૨૦ કરોડનાં ખર્ચે આધુનિક બનાવાશે

(પ્રતિનિધિ) અમદાવાદ,

સામાન્ય રીતે ઘર, ઓફિસ, બસ, ટ્રેન કે કોઈ પણ સ્થળે જ્યારે પણ શોરબકોરવાળો માહોલ કોઈક કારણસર થાય ત્યારે તે વખતે જાણે કે અહીંયાં શાકમાર્કેટ ભરાયું હોય તેવો ઉલ્લેખ જાણે-અજાણ્યે લોકોમાં થઈ જતો હોય છે, કેમ કે કોઈ પણ શહેરના શાકમાર્કેટમાં ઘોંઘાટ તો સ્વાભાવિક બાબત બની છે. શાકમાર્કેટની ઓળખ જ ઘોંઘાટ, ગંદકી, રખડતાં ઢોર થઈ છે. જો કે સ્માર્ટ સિટી અમદાવાદમાં આગામી દિવસોમાં શાકમાર્કેટનું ચિત્ર પૂર્ણપણે બદલાઈને સ્વચ્છ, સુવિધાપૂર્ણ અને શાંતિનું વાતાવરણ ધરાવતું હાઈજેનિક એવું આધુનિક શાકમાર્કેટ થવાનું છે. આની શરૂઆત દાયકાઓ જૂના કાલુપુર શાકમાર્કેટથી થવાની હોઈ ખાસ કરીને ગૃહિણીઓને નાક દબાવીને કાલોપુર શાકમાર્કેટમાં ખરીદવા ચાલવું નહીં પડે. રાજ્ય સરકાર દ્વારા આજથી લગભગ છ દાયકા પહેલાં એટલે કે વર્ષ ૧૯૬૦માં કોટ વિસ્તારના નાગરિકો માટે કાલુપુર શાકમાર્કેટ બનાવાયું હતું. હાલની કાલુપુર શાકમાર્કેટની જગ્યા આશરે ૮૧૦૦ ચોરસ મીટર હોઈ સત્તાવાળાઓએ પાસેની તરુણ મિલ કમ્પાઉન્ડમાં આવેલી મ્યુનિસિપલ માલિકીની એલ આકારની આશરે ૨૦૦૦ ચોરસ મીટરની જગ્યા મળીને કુલ ૧૦,૧૦૦ ચોરસ મીટર જગ્યામાં એલ આકારનું બેઝમેન્ટ વત્તા ગ્રાઉન્ડ ફ્લોક વત્તા પ્રથમ માળનું ભવ્ય બિલ્ડિંગ બનાવાશે. અત્યારે રોડ પર અવ્યવસ્થિત રીતે વાહન પાર્ક કરાય છે, પરંતુ આ બિલ્ડિંગના બેઝમેન્ટમાં ૨૫૦ ટુ વ્હિલર અને ૩૦ ફોર વ્હિલરની પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરાશે. દરમ્યાન આધુનિક કાલુપુર શાકમાર્કેટ અંગે મધ્ય ઝોનના એડિશનલ સિટી ઈજનેર અમિત પટેલને પૂછતાં તેઓ કહે છે કે તંત્ર દ્વારા કાલુપુર શાકમાર્કેટનાં આધુનિક રંગરૂપ પાછળ આશરે રૂ.૨૦થી ૨૨ કરોડ ખર્ચાશે. આ શાકમાર્કેટને દોઢ વર્ષમાં તૈયાર કરાશે.

## યાત્રાધામ દ્વારકાને બેસ્ટ ટુરિઝમ ઓફ ગુજરાતનો એવોર્ડ

(પ્રતિનિધિ) દ્વારકા,

ચારધામ પૈકીનું એક યાત્રાધામ દ્વારકાને રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા બેસ્ટ ટુરીઝમ ઓફ ગુજરાતનો એવોર્ડ અર્પણ કરાયો છે. અમદાવાદમાં રિવરફ્રન્ટમાં યોજાયેલા એક કાર્યક્રમમાં રાજ્યપાલ દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. પ્રવાસન વિભાગ દ્વારા મળેલ એવોર્ડે દ્વારકાને ગૌરવ અપાવ્યું છે. ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા અમદાવાદના રીવરફ્રન્ટમાં યોજાયેલા એક જાહેર સમારંભમાં ગુજરાત રાજ્યના ગવર્નર ઓમપ્રકાશ કોહલીના હસ્તે દ્વારકાની દિવ્ય દ્વારકા સંસ્થા દ્વારા થયેલા નોમીનેશન અને પ્રવાસન વિભાગે દ્વારકા શહેરને બેસ્ટ પીલીગ્રિમેજ ડેસ્ટીનેશન ઓફ ગુજરાત નામનો એવોર્ડ એનાયત કર્યો હતો. દિવ્ય ફાઉન્ડેશનના શીતલ બથીના, રવિ બારાઈ, રાકેશ બારાઈ, નિરવ સામાણી, દિપ બારાઈએ આ એવોર્ડ રાજ્યપાલ ઓમપ્રકાશશ કોહલીના હસ્તે સ્વીકાર્યો હતો.

## યુવતીને મેસેજ કરતાં પરિવારે યુવકના ઘરે જઈ કરી મારામારી

(પ્રતિનિધિ) ભરૂચ,

ભરૂચની જંબુસર રોડ ઉપર આવેલી સોસાયટીના યુવકના સગપણની વાત કંથારીયા રોડ ઉપર આવેલી સોસાયટીમાં રહેતી યુવતી સાથે ચાલી રહી હતી. દરમિયાનમાં યુવકે યુવતીના મોબાઈલ ઉપર મોકલેલા મેસેજથી યુવતીના પરિવારજનોને મનદુઃખ થવા સાથે રોષ ભભૂકી ઉઠ્યો હતો. જેના પગલે યુવતીના પરિવારજનોનું ૭ વ્યક્તિનું ટોળું યુવકના ઘરે ધસી આવી મારામારી કરી હતી. જે અંગે બી.ડીવીજન પોલીસ મથકે રાયોટીંગનો ગુનો દાખલ કરાયો છે. પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી પ્રમાણે જંબુસર રોડ ઉપર આવેલા ઝીનત બંગ્લોઝમાં રહેતા પ્રવિણસિંહ રાણાના પુત્ર સાજીદના સગપણની વાત કંથારિયા રોડ ઉપર આવેલી સોસાયટીમાં રહેતી યુવતી સાથે ચાલી રહી હતી. આ દરમિયાન સાઝીદે યુવતીને મોબાઈલ ઉપર મેસેજ મોકલ્યો હતો. જેના પગલે યુવતીના પરિવારને મનદુઃખ થયું હતું. જેથી રોષે ભરાયેલા પરિવારજનો યુવકના ઘરે ધસી આવ્યા હતા. યુવતીના પરિવાજનોએ ઘરમાં ઘુસીને પ્રવિણસિંહ અને તેમના પુત્રને મારમારી બીજ વખત પોતાની દીકરીને મેસેજ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે બી ડીવિઝન પોલીસ મથકે સાઝીદના પિતાએ ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે રાયોટિંગનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથધરી હતી.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત બીજા દિવસે પણ વધારો થયો

## દેશની સૌથી મોટી સરકારી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે સતત બીજા દિવસે પેટ્રોલ-ડીઝલની કીંમતોમાં વધારો કર્યો

(એજન્સી) નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કીંમતોમાં થયેલા વધારાની અસર ભારતીય બજારમાં બીજા દિવસે પણ જોવા મળી છે. દેશની સૌથી મોટી સરકારી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે સતત બીજા દિવસે પેટ્રોલ-ડીઝલની કીંમતોમાં વધારો કર્યો છે. આઈઓસીએલે આજે રાજધાની દિલ્હીમાં પેટ્રોલમાં ૧૯ પૈસા અને ડીઝલમાં ૨૮ પૈસાનો વધારો કર્યો છે. આ વધારા બાદ દિલ્હીમાં પેટ્રોલ ૬૯.૦૭ રુપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૨૮ પૈસા વધીને ૬૨.૮૧ રુપિયા પ્રતિ લીટર પહોંચ્યું છે.પશ્ચિમ બંગાળની રાજધાની કોલકત્તામાં પેટ્રોલ ૧૯ પૈસા વધીને ૭૧.૨૦ રુપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૨૮ પૈસા વધીને ૬૪.૫૮ રુપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં પેટ્રોલ ૧૯ પૈસા વધીને ૭૪.૭૨ રુપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૩૦ પૈસા વધીને ૬૫.૭૩ રુપિયા પ્રતિ લીટર પર પહોંચ્યું છે. ચેન્નઈમાં પેટ્રોલની કીંમતોમાં સૌથી વધારે ૨૦ પૈસાનો વધારો થયો છે અને તે વધીને ૭૧.૬૭ રુપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. અહીંયા ડીઝલની કીંમતમાં ૩૦ પૈસાનો વધારો થયો છે અને તે વધીને ૬૬.૩૧ રુપિયા પ્રતિ લીટર પહોંચ્યું છે. તો આ તરફ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કીંમતો હજી વધારે જ છે. આતરરાષ્ટ્રીય બજારમાં બ્રેંટ ક્રૂડ ઓઈલ ૬૦ ડોલર પ્રતિ બેરલના સ્તરની પાસ ૬૧.૫૭ ડોલર પ્રતિ બેરલ પર વ્યાપાર કરી રહ્યા છે. ડબલ્યૂટીઆઈ ક્રૂડ પણ ૫૦ ડોલર પ્રતિ બેરલના સ્તરને પાર કરા ૫૨.૫૪ ડોલર પ્રતિ બેરલ પર વ્યાપાર કરી રહ્યા છે. જો કે આજે સવારે બંન્ને ઈંધણ લાલ નિશાનમાં વ્યાપાર કરતા દેખાઈ રહ્યા છે.



# બદલાઈ શકે ગરીબ સામાન્ય વર્ગનો ક્રાઈટેરિયા

## થાવરચંદ ગહેલોતે જણાવ્યું કે સામાન્ય વર્ગમાં આરક્ષણ માટે આવકની નક્કી સીમા અંતિમ નથી અને તેમાં બદલાવ થઈ શકે છે



(એજન્સી) નવીદિલ્હી,

કેન્દ્રની મોદી સરકારે તાજેતરમાં જ ગરીબ સવર્ણોને ૧૦ ટકા આરક્ષણ આપવા સંબંધિત બિલ રજૂ કર્યું હતું. સરકારના બિલને લોકસભા અને રાજ્યસભામાં પણ મંજૂરી પ્રાપ્ત થઈ ગઈ છે. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થતા જ આ બિલ કાયદાનું રુપ લેશે. આપને જણાવી દઈએ કે આ બિલ અનુસાર સામાન્ય વર્ગના જે લોકોની વાર્ષિક આવક ૮ લાખ રુપિયા સુધી છે અથવા કોઈની પાસે ૫ એકર સુધીની જમીન છે તે લોકો સામાનય વર્ગમાં આરક્ષણને પાત્ર હશે. પરંતુ ૮ લાખ રુપિયા સુધીની વાર્ષિક આવકને ખૂબ વધારે માનવામાં આવી રહી છે જેના પર લોકોએ સવાલો પણ ઉઠાવ્યા છે. જયારે સામાજિક ન્યાય અને અધિકારિતા પ્રધાન થાવરચંદ ગહેલોતે જણાવ્યું કે સામાન્ય વર્ગમાં આરક્ષણ માટે આવકની નક્કી સીમા અંતિમ નથી અને તેમાં બદલાવ થઈ શકે છે. બિલમાં અત્યારસુધી આવકની મર્યાદા અથવા જમીનને લઈને કોઈ સંદર્ભ આપવામાં આવ્યો નથી. પ્રાપ્ત વિગતો અનુસાર જ્યારે ગહેલોતને પૂછવામાં આવ્યું કે શું ૮ લાખ રુપિયા સુધીની આવક મર્યાદા વધારે નથી? તો આના જવાબમાં ગહેલોતે જણાવ્યું કે ૮ લાખ રુપિયા વાર્ષિક આવક અને ૫ એકર જમીન એવા કેટલાક અન્ય માનદંડ પણ વિચારાધીન છે. આ અંતિમ નથી. આમાં થોડી વધ-ઘટ થઈ શકે છે. ત્યારે વિગતો પણ એવી સામે આવી છે કે મંત્રાલય આશરે ૧ સપ્તાહમાં સામાન્ય વર્ગને આરક્ષણ સંબંધિત નિયમ બનાવી શકે છે. આની સાથે કેન્દ્ર સરકારે રાજ્યોને પણ કહ્યું છે કે તે પોતાના ખુદનો માનદંડ બનાવી શકે છે. જો કે સામાન્ય વર્ગને નોકરી અને શિક્ષામાં આરક્ષણ મળશે અને બંન્ને આ બંન્ને વિભાગ રાજ્ય સરકારના અધિકારમાં આવે છે. કેન્દ્રીય પ્રધાને કહ્યું કે સમય સાથે અમે જોઈશું કે રાજ્ય કેવી રીતે પોતાના નિયમ બનાવે છે. તેના પર પણ વિચાર કરવામાં આવી શકે છે. ૮ લાખ રુપિયા સુધીની આવક વાળા માનદંડના સમર્થનમાં કેન્દ્રીય પ્રધાન થાવરચંદ ગહેલોતે જણાવ્યું કે ઓબીસીની ક્રીમી લેયર માટે પણ આ જ માનદંડ નક્કી છે આના માટે સામાન્ય વર્ગ માટે પણ આ જ માનદંડ નક્કી કરવામાં આવ્યો છે. કેન્દ્રીય પ્રધાને જણાવ્યું કે મંત્રાલય આવક સીમા નક્કી કરતા સમયે આવકના વર્તમાન ઈન્ડિકેટર્સ અને ગરીબીના આંકડાઓ પર ધ્યાન આપશે. ૨૦૧૧ની જનગણનામાં ગેર-આરક્ષિણ શ્રેણીની જનસંખ્યાને લઈને વિસ્તૃત આંકડા આપવામાં આવ્યા છે. આના પર ધ્યાન આપ્યા બાદ જ કોઈ નિર્ણય લેવામાં આવશે.

# શહેરોમાં સાઇકલ માટે અલગ લેન બનાવવી જોઈએ : પ્રભુ

(એજન્સી) નવીદિલ્હી,

કેન્દ્રીય વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રી સુરેશ પ્રભુએ શહેરોમાં સાઈકલચાલકો માટે અલગ વિશેષ લેન બનાવવાનો આગ્રહ વ્યક્ત કર્યો છે. મંત્રી પ્રભુએ જણાવ્યું હતું કે સાઈકલનો વધુ ઉપયોગ પર્યાવરણ તેમજ વ્યક્તિના સ્વાસ્થ્ય માટે ઘણો લાભદાયી નિવડી શકે છે. 'શહેરોના આયોજનમાં સાઈકલચાલકો માટે ધ્યાન આપવું અનિવાર્ય છે. આ માટે આપણે રાહદારીઓ અને સાઈકલચાલકો માટે અલગ વિશેષ લેન બનાવવા વિચારવું જોઈએ,' તેમ કેન્દ્રી મંત્રીએ જણાવ્યું હતું. ટેરીના એક કાર્યક્રમમાં મંત્રીએ વધુમાં જણાવ્યું કે, સાઈકલને પ્રમોટ કરવાથી તેના પર્યાવરણ, સ્વાસ્થ્ય તેમજ અર્થતંત્ર પર ઘણા ફાયદા થઈ શકે છે. વધુ લોકો સાઈકલનો ઉપયોગ કરશે તેનાથી ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ઘટશે અને વાયુ પ્રદૂષણ પણ નિયંત્રિત રહેશે. દિલ્હી જેવા શહેરોમાં વાયુ પ્રદૂષણ સૌથી મોટી સમસ્યા છે.

# કડી માંથી આખરે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ના બે રીલ સાથે વેપારી પકડાયો

## જલ્લા મેજિસ્ટ્રેટ જાહેરનામું બહાર પાડીને ચાયનીઝ દોરી ના વેપાર અને વપરાશ પર પ્રતિબંધ મૂક્યો



(પ્રતિનિધિ) કડી,

ઉત્તરાયણ નું પર્વ નજીક આવતા જ કડી ની બજારો માં પતંગ દોરી ની દુકાનો થી ઉભરાયી જાય છે.જિલ્લા મેજિસ્ટ્રેટ જાહેરનામું બહાર પાડી ને ચાયનીઝ દોરી ના વેપાર અને વપરાશ પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં કડી ની બજાર માં મોટા વેપારીઓ ચાઈનીઝ દોરી નો કાળો કારોબાર સ્થાનિક સરકારી તંત્ર ની રહેમનજર હેઠળ બેરોકટોક પણે કરી રહ્યા છે. સમગ્ર મહેસાણા જિલ્લાની સરકારી એજન્સીઓ દ્વારા પોતાના વિસ્તારોમાં સઘન તપાસ કરી ઘણીબધી ચાઈનીઝ દોરી નો મુદ્દામાલ અને વેપાર કરતા વેપારીઓ ને ઝડપી પાડ્યા છે પરંતુ કડી માં એકપણ વેપારી કે દોરી પકડાયી નહોતી તેથી ઉપર થી દબાણ આવતા આજરોજ સ્થાનિક પોલીસ દ્વારા પટેલ ભુવન ની સામેની બાજુમાં ચાઈનીઝ દોરી નો વેપાર કરતા વેપારી સુથાર શૈલેષભાઇ નાગજીભાઈ ની મુદ્દામાલ ૨ - રીલ ચાઈનીઝ દોરી કિંમત રૂપિયા ૪૦૦ રૂપિયા સાથે પકડી પાડ્યો હતો.પોલીસે મોટા મગર મચ્છ ને મૂકી ને નાના વેપારી ને પકડી ને પરમ સંતોષ માણ્યો હતો. સ્થાનિક NGO ચલાવતા રાજુભાઇ આચાર્ય દ્વારા એવું જણાવવામાં આવ્યું કે પોલીસ નું આ કાર્ય સરાહનીય છે પરંતુ નાના વેપારીઓ ઉપરાંત મોટા વેપારીઓ ને ત્યાં પણ જો તપાસ કરવામાં આવે તો ઘણો બધો પ્રતિબંધિત ચાઈનીઝ દોરી નો જથ્થો પકડાયી શકે છે.

# શેપીંગ અ ન્યૂ ઈન્ડિયા' થીમ પર યોજાઇ રહેલી સમિટ ૨૦૧૯

(એજન્સી) નવીદિલ્હી,

ગુજરાતના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ની નવમી શૃંખલા સંદર્ભે વિશેષ માહિતી આપતાં રાજ્યના મુખ્ય સચિવ ડૉ.જે.એન. સિંહે જણાવ્યું હતું કે 'શેપીંગ અ ન્યુ ઈન્ડિયા' થીમ પર યોજાઈ રહેલી આ સમિટ વડાપ્રધાન મોદીના 'નયા ભારત'ના નિર્માણના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વનું પગલું બની રહેશે. આ સમિટમાં વેપાર અને નિકાસને મજબૂત બનાવવા, સેવા ક્ષેત્રનો વિકાસ તથા યુવાનોની સહભાગિતા અને સશક્તિકરકણ તેમજ નયા ભારતના નિર્માણમાં અગ્રેસર રાજ્ય તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા જેવી બાબતોને અગ્રતા આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જયારે સમગ્ર વિશ્વ ડિજીટલ યુગમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ એ ગુજરાતને એડવાન્સ ટેકનોલોજી ક્ષેત્રે અગ્રેસર બનાવવા માટેની એક મહત્વની તક બની રહેશે.વિશ્વભરમાં ગુજરાતની આગવી ઓળખ બની રહેલી ગુજરાત સરકારની ફલેગશીપ ઈવેન્ટ એવી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ની નવમી શૃંખલાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આગાઉ વર્ષ ૨૦૧૭ માં યોજાયેલી વાયબ્રન્ટ સમિટને વૈશ્વિક સ્તરે ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો ત્યારે આ વર્ષે યોજાનાર સમિટ સહુ કોઈની નજર મંડાયેલી છે કે, સમિટમાં કયા દેશોના પ્રતિનિધિઓ, ઉધોગ સાહસિકો અને દેશના વડાઓ સહભાગી બનશે. વાયબ્રન્ટ સમિટની આ આવૃત્તિમાં કેટલીક નવી ઈવેન્ટ્સ ઉમેરવામાં આવી છે જેના લીધે આ સમિટ અગાઉની સમિટ કરતા વિશિષ્ટ બની રહેશે.– સમિટમાં યોજાશે ધ્યાનાકર્ષક નવીનતમ ઈવેન્ટ્સ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગ્લોબલ વેલ્થ ફંડ સાથે રાઉન્ડ ટેબલ બેઠક ગુજરાત સ્પ્રિન્ટ – ૨૦૨૨ ગુજરાતનું ભાવિ વિકાસદર્શન વાયબ્રન્ટ ગુજરાત – આફ્રિકા ડે મેગા ટ્રેડ શો અને બાયર-સેલર મિટ મેઈક ઇન ઈન્ડિયાની સાફલ્યગાથા વર્ણવતું પ્રદર્શન ૨૦ કન્ટ્રી સેમિનાર અને ૭ સ્ટેટ સેમિનાર દુબઈ શોપિંગ ફેસ્ટિવલની જેમ જ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું આયોજન સાયન્સ સિટી અમદાવાદ ખાતે 'ભવિષ્યની ટેકનોલોજીનું પ્રદર્શન અને નાસાના સહયોગથી સ્પેસ એકસપ્લોરેશન' વિષયક પ્રદર્શન સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરીંગ એન્ડ મેથેમેટિક્સ વિષય પર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ગુજરાતના ૪ શહેરોમાં વાયબ્રન્ટ ગુજરાત યુથ કનેક્ટ ઈવેન્ટ્સ ડેનમાર્ક, ચેક રિપબ્લિક, ઉઝબેકિસ્તાન, માલ્ટા અને રંવાડા સહિતના ૫ દેશોના વડાઓ વૈશ્વિક સમિટમાં ભાગ લેશે તેમજ ૧૮ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન સાથે ડીનર પણ યોજવામાં આવશે. સમિટની નવમી આવૃત્તિમાં ૧૫ દેશો ભાગીદાર દેશ તરીકે સહભાગી બનશે. જેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ફ્રાન્સ, જાપાન, મોરક્કો, નોર્વે, પોલેન્ડ, સાઉથ આફ્રિકા, રીપલ્બિક ઑફ કોરિયા, થાઈલેન્ડ, નેધરલેન્ડ્સ, યુએઈ અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે.આ ઉપરાંત ૧૧ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ સહભાગી બનશે જેમાં ધી ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ, કેનેડા ઈન્ડિયા ફેડરેશન, કોમનવેલ્થ એન્ટરપ્રાઈઝ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સિલ, ઈન્ડો-ચાઈના ચેમ્બર ઑફ કોમર્સ, ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન, જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન, કોરિયા ટ્રેડ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી, ધી નેધરલેન્ડ્સ ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ટ્રેડ, યુએઈ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ, યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ અને યુ.એસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ જેવી સંસ્થાઓ વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગીદાર બનશે.

# શ્રી એમ.એન પટેલ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય યુવા દિન ઉજવાયો



(પ્રતિનિધિ) મહેસાણા,

શ્રી એમ.એન પટેલ પ્રા.શાળા નાની કડી માં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ અને રાર્ષ્ટ્રીય યુવા દિન ની ઉજવણી કરવામાં આવી શાળાના આચાર્ય ખોડાભાઈ પટેલે સ્વામી વિવેકાનંદ ના જીવન ચરિત્ર ની વાતો થકી તેમના જીવન પરિચય કરાવ્યો હતો.રાષ્ટ્રીય યુવા દિન ને પણ સાર્થક કરવા બુદ્ધિ-ચાતુર્ય, સ્વચ્છતા, વ્યસનમુક્તિ,કેળવણી,વગેરે વાતો દ્વારા જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો

# આકાશ પક્ષીઓના લોહીથી રંગાય નહીં એ પણ ધ્યાન રાખવું : સીએમનો સંદેશ

## વાઈલ્ડ લાઇફ કેર સેન્ટર અમદાવાદ દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) અમદાવાદ,

ઉત્તરાયણનું પર્વ આવે એટલે એક તરફ પતંગ રસિયાઓ, વેપારીઓ પોતાની મોજ માટે ધાર દાર દોરીઓ અને અવનવા પતંગો તુક્કલોની ખરીદ વેચાણમાં વ્યસ્ત થઈ જાય. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કેટલાક જીવદયા પ્રેમીઓ પણ આ ઉત્તરાયણના પર્વે ખૂબ જ વ્યસ્ત થઇ ગયા છે. ઉત્તરાયણ પર્વે પક્ષી પ્રેમીઓ, જીવદયાના સમર્થનન માટેની ઝૂંબેશ કરનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.પતંગ દોરીથી પક્ષીઓ ઘાયલ ના થાય તેમજ એમને યોગ્ય સારવાર મળી રહે એ માટે વન વિભાગ પણ લોકોને જાગૃત કરવા પ્રયત્નો કરે છે. આ વર્ષે વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર અમદાવાદ દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વન વિભાગે યોજેલા કરુણા અભિયાન નામના કાર્યક્રમમાં ખુદ રાજ્યના મુખ્યપ્રધાન વિજય રુપાણીએ હાજરી આપી. ૧૧ જાન્યુઆરી, શુક્રવારની સવારે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાને ઉપસ્થિત રહી વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં આવતા ઘવાયેલા પક્ષીઓ, એમની સારવાર, ઓપરેશન રુમ્સની મુલાકાત લીધી.વન વિભાગના આ કેમ્પસમાં વૃક્ષા રોપણ પણ થયું. ત્યાર બાદ મુખ્ય પ્રધાન વિજય રુપાણીએ જણાવ્યું કે, ઉત્તરાયણ પર્વને પર્વનો આપણે આનંદ માણીએ પરંતુ સાથે પતંગ-દોરીથી રંગાયેલું આ આકાશ પક્ષીઓના લોહીથી રંગાય નહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ. ચાઈનીઝ બનાવટની દોરીઓ, સળગતી તુકક્લો, ઈજા થાય એવા ફટાકડાથી લોકોએ દુર રહેવું જોઈએ. ઉત્તરાયણના ઉત્સવની સાથે જ ઘવાયેલા પક્ષીઓને યોગ્ય સેન્ટરમાં સારવાર મળી રહે તો જ આપણી કરુણા સાર્થક થઇ કહેવાય.કરુણા અભિયાનના આ કાર્યક્રમમાં મુખ્યપ્રધાન વિજય રુપાણીની સાથે વન ખાતાના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, મેયર બિજલબેન તેમજ પશુ-પક્ષીઓ પ્રત્યે સંવેદના ધરાવતા સ્વયં સેવકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાકેશ અસ્થાનાને આંચકો, ભ્રષ્ટાચારની અરજી રદ કરવા દિલ્હી હાઈકોર્ટનો ઇનકાર

## હાઈકોર્ટે સીબીઆઈને આદેશ કરતા રાકેશ અસ્થાના તેમજ અન્યો વિરુદ્ધ ૧૦ સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવા આદેશ આપ્યો



(એજન્સી) નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈના સ્પેશ્યલ ડાયરેક્ટર રાકેશ અસ્થાનાએ તેમના વિરુદ્ધ ભ્રષ્ટાચારની અરજીને રદ કરવા દિલ્હી હાઈકોર્ટમાં કરેલી અરજીની આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટે અસ્થાનાની અરજી ફગાવી દેતા તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચારની અરજીને રદ કરવાનો ઈનકાર કરી દીધો છે. આ ઉપરાંત દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈના ડેપ્યુટી એસપી દેવેન્દ્ર કુમાર અને કથિત વચેટિયા મનોજ પ્રસાદના કેસમાં કરાયેલી એફઆઈઆરને રદ કરવાનો સ્પષ્ટપણે ઈનકાર કરી દીધો છે. હાઈકોર્ટે સીબીઆઈને આદેશ કરતા રાકેશ અસ્થાના તેમજ અન્યો વિરુદ્ધ ૧૦ સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. હાઈકોર્ટના જણાવ્યા મુજબ સીબીઆઈના ડાયરેક્ટર આલોક વર્માએ કરેલા આક્ષેપોની પુષ્ટી નથી થઈ પરંતુ અસ્થાના વિરુદ્ધ તપાસ ચાલુ રહેશે. અસ્થાના વિરુદ્ધ પૂર્વ સીબીઆઈ ડાયરેક્ટર આલોક વર્માએ કરેલી ફરિયાદને પગલે તેમની સામે પોલીસ કાર્યવાહીથી વચવા તેમણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હૈદરાબાદના બિઝનેસમેન સતીશ બાબૂ સનાની ફરિયાદના આધઆરે અસ્થાના વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એફઆઈઆરમાં એવો દાવો કરાયો છે કે તેમણે સીબીઆઈ સ્પેશ્યલ ડાયરેક્ટરને ગત વર્ષે લગભગ ત્રણ કરોડ રૂપિયા આપ્યા હતા. નોંધનીય છે કે અસ્થાના પર આક્ષેપો છે કે તેઓ માંસના આરોપી મોઈન કુરેશી વિરુદ્ધ એક કેસની તપાસ કરી રહ્યા હતા તેમાં તેમણે લાંચ લીધી હતી.

# ઉત્તરાયણના ઉત્સવની મોજ કરાવતી સામગ્રીથી બજાર છલકાયું

(પ્રતિનિધિ) અમદાવાદ,

ગુજરાતની પ્રજા એટલે ઉત્સવ પ્રિય પ્રજા. એમાંય અમદાવાદ-સુરત-રાજકોટ-વડોદરા જેવા મોટા શહેર દરેક ઉત્સવ પોતાની રીતે અલગ જ અંદાજ માં ઉજવે છે. આ વર્ષે ઉત્તરાયણના પર્વ પૂર્વે સરકારના પતંગોત્સવનું વિધિવત ઉદ્ઘાટન થઇ ગયું. હવે ૧૪મી તારીખે ગુજરાતની પ્રજાના ધાબા-છાપરા અને મેદાની પતંગોત્સવની તૈયારીઓ ઠેર ઠેર શરુ થઇ ગઇ છે. દરેક નાના મોટા શહેર ની ફૂટપાથ પર ડોઘલા દોરી અને થાંભલા સાથે દોરી ઘસતા, રંગતા કારીગરો મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યાં છે. અમદાવાદ જેવા શહેરમાં હવે દરેક વિસ્તારમાં પતંગ-દોરી વેચતા દુકાનોની સાથે મંડપ બાંધેલા જોવા મળે છે. આ વર્ષે ઉત્તરાયણની મોજ માટે પતંગ-દોરી, પીપૂડા, રંગબેરંગી ટોપીઓ, સિંહ-વાઘ જેવા જાનવરની સાથે બિહામણા, હાસ્ય ઉપજાવે એવા મુખોટા બજારમાં આવી ગયા છે.ઉત્તરાયણને ગણતરીના દિવસો જ બાકી છે. હાલ બજારમાં ઓછી ચહલ પહલ છે, પણ ગણતરીના એક કે બે દિવસ પૂર્વે ભારે ઘસારો થશે એવી વેપારીઓમાં આશા છે.

# રાહુલ...રાહુલના નારાથી દુબઈ એરપોર્ટ ગુંજી ઊઠ્યું : બે દિવસના પ્રવાસે પહોંચ્યા

## દુબઇ અને અબુધાબીમાં ભારતીય સમુદાયને મળશે અને વિદ્યાર્થીઓ તેમજ બિઝનેસમેન સાથે પણ તેમનો કાર્યક્રમ યોજાયો

(એજન્સી) દુબઇ,

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી દુબઇ અને અબુધાબીના બે દિવસના પ્રવાસે અત્રે પહોંચ્યા ત્યારે એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત થયું હતું. દુબઈમાં પણ રાહુલ રાહુલના નારા ગુંજી ઊઠ્યા હતા. લોકોમાં રાહુલ ગાંધીના પ્રવાસને લઇને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ૨૦૧૯માં રાહુલ ગાંધીનો આ પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રવાસ છે.રાહુલ ગાંધી દુબઇ અને અબુધાબીમાં ભારતીય સમુદાયને મળશે અને વિદ્યાર્થીઓ તેમજ બિઝનેસમેન સાથે પણ તેમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. પક્ષ સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે સામ પિત્રોડા અને કેરળના મુખ્યપ્રધાન ઓમાન ચાંડી દુબઇ પહોંચી ગયા છે.ગુરુવારે મોડી રાત્રે રાહુલ ગાંધી જ્યારે દુબઇ પહોંચ્યા ત્યારે એરપોર્ટ પર તેમનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. કેટલાય લોકો તેમની સાથે સેલ્ફી લેવા પડાપડી કરી રહ્યા હતા. રાહુલ ગાંધી જિન્સ ટીશર્ટ બ્લેઝરમાં સજ્જ હતા. રાહુલ ગાંધી દુબઇ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાનારા એક મોટા સાંસ્કૃતિ કાર્યક્રમમાં ભાગ લેનાર છે.મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે દુબઇ ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાનારા એક મેઘા સાંસ્કૃતિક પ્રોગ્રામમાં રાહુલ ગાંધી મુખ્ય અતિથિ રહેશે. આ કાર્યક્રમ ઇન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ દ્વારા યોજવામાં આવ્યો છે. કાર્યક્રમમાં ભારતના વિવિધ રાજ્યમાંથી આવેલ ૭૦ લોકકલાકારો પોતાની કળા રજૂ કરશે.રાહુલ ગાંધી આ પ્રસંગે ભારત કા વિચાર પર પોતાનું વકતવ્ય આપશે. રાહુલ ગાંધી યુએઇના પ્રધાનો, અધિકારીઓ, ભારતીય પ્રવાસી કામદારો, ઈન્ડિયન બિઝનેસ પ્રોફેશનલ કાઉન્સિલના સભ્યો અને યુનિવર્સિટીના વિદ્યાર્થી સાથે પણ મુલાકાત કરશે.

# ગુજરાતમાં કરોડોનો છે પતંગ ઉદ્યોગ

## ગુજરાતમાં રોજગાર આપવાના મામલે પતંગ એક મોટું માધ્યમ




(પ્રતિનિધિ) અમદાવાદ,

ગુજરાતમાં સદીઓ જૂની પરંપરા છે કે ઉતરાયણના દિવસે આકાશમાં પતંગ ચગાવવામાં આવે છે. જોકે ભલે એક દિવસનો તહેવાર હોય પરંતુ તેનાથી હજારો લોકોને આખુ વર્ષ રોજગાર મળે છે અને આજે ગુજરાતનો પતંગ ઉદ્યોગ વાર્ષિક ૧૨૦૦ થી ૧૫૦૦ કરોડ રૂપિયાનો થઇ ગયો છે. મોટી-મોટી કંપનીઓ દ્વારા પણ પતંગનું માર્કેટિંગ કરાય છે ગુજરાતમાં રોજગાર આપવાના મામલે પતંગ એક મોટું માધ્યમ બની ગયો છે. સવારથી માંડીને મોડી રાત સુધી ગીત સંગીત સાથે ઉતરાયણનો પર્વ પતંગ સાથે ઉજવવામાં આવે છે.વર્ષો જૂની પરંપરા છે અને આજે તો સ્થિતિ એવી છે કે મારૂતિ, અલ્ટ્રાટેક સીમેંટ, કોમંડલ, સાંધી સીમેંટ જેવી કંપનીઓ પતંગને માધ્યમ બનાવીને માર્કેટિંગ દ્વારા ગ્રાહકોને પોતાની સાથે જોડી રહ્યા છે. આ કંપનીઓને હજારોની સંખ્યામાં પોતાના લોગોવાળી પતંગ બજારમાં ઉતારી છે. સાંઘી ઈંડસ્ટ્રીઝના વાઇઝ પ્રેસિડેટ શૈલેશ ઝાએ જણાવ્યું હતું કે 'જ્યારથી અમારી કંપની શરૂ થઇ છે ત્યારથી અમે પતંગ દ્વારા માર્કેટિંગ કરી રહ્યા છે અને આ વખતે ડિજિટલ કોન્ટેસ્ટ દ્વારા પતંગ આપવામાં આવી રહ્યા છે. દરેક નાની મોટી કંપનીઓ પોતાના ગ્રાહકોને જાળવી રાખવા માટે અને નવા ગ્રાહકોને જોડવા માટે પોતાના લોગોવાળી પતંગ ફ્રીમાં આપે છે અને તેના લીધે ફક્ત એક દિવસના તહેવાર માટે ૧૦ મહિના સુધી પતંગ બનાવવાનું કામ ચાલે છે.પતંગ બનાવવાનો બિઝનેસ સંપૂર્ણપણે ઉદ્યોગ પર આધારિત છે. એકલા અમદાવાદમાં ૩૫૦૦૦ મુસ્લિમ પરિવાર આખુ વર્ષ પતંગ બનાવીને કમાણી કરે છે. આજે ગુજરાતનો વાર્ષિક પતંગનો બિઝનેસ ૧૨૦૦ થી ૧૫૦૦ કરોડને પાર કરી ગયો છે. બિઝનેસ રોજગારની સાથે સામાજિક સમરસતાનું પ્રતિક પણ બની ગયો છે પતંગનો તહેવાર. નરેંદ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી આજ સુધી મકરસંક્રાંતિના ૧૦ દિવસ પહેલાં 'ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ' શરૂ થઇ જાય છે. આ વખતે ૪૫ દેશોના પતંગબાજ આવ્યા છે, જે અમદાવાદ સહિત રાજ્યના ઘણા શહેરોમાં કાઈટ ફેસ્ટિવલમાં જાય છે. પતંગ ગુજરાતની ઓળખ બની ગયો છે અને રોજગારનું ઉત્તમ માધ્યમ પણ છે. આ વખતે મોદી, રાહુલ ગાંધી, સ્ટેચ્યૂ ઓફ યૂનિટીના ફોટો સાથે પણ પતંગ બનાવામાં આવી રહ્યા છે. પતંગ બનાવનાર મંસૂરભાઈએ જણાવ્યું હતું કે ગત ૪૫ વર્ષોથી પતંગ બનાવી રહ્યો છું. એકલા અમદાવાદમાં ૩૫૦૦૦ મુસ્લિમ પરિવાર આખુ વર્ષ પતંગ બનાવે છે. દર વર્ષે ગુજરાતનો પતંગનો બિઝને ૧૫% થી ૨૦%ના દરે વધે છે. અત્યારે અમદાવાદમાં ૩૫૦૦૦ અને આખા ગુજરાતમાં લગભગ એક લાખ લોકોથી વધુ પરિવાર પતંગના બિઝનેસથી પોતાનું ઘર ચલાવે છે.

# 'મહાત્મા ગાંધી સંચારની શાશ્વત કળા' પુસ્તકનું મુખ્યપ્રધાનના હસ્તે વિમોચન

## ગાંધીજીના પૌત્રીના પૌત્રી ડો. સોનલબહેન પરીખે આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો

(પ્રતિનિધિ) અમદાવાદ,

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારી ડૉ. ધીરજ કાકડીયા લિખિત ''મહાત્માઃ એ ગ્રેટ કોમ્યુનિકેટર'' અંગ્રેજી પુસ્તકનું અનુવાદિત ગુજરાતી પુસ્તક ''મહાત્મા ગાંધી સંચારની શાશ્વત કળા''નું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું.આ પુસ્તકની પ્રસ્તાવના ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, ભારતરત્ન ડૉ. એમ. જે. અબ્દુલ કલામે લખી છે. આ પ્રસંગે કહ્યું કે, તત્કાલિન યુગમાં ટીવી, ઇન્ટરનેટ, સોશિયલ મિડીયા જેવા માધ્યમો ન હોવા છતાં પણ મહાત્મા ગાંધીએ આઝાદીની ચળવળ અને સ્વરાજય માટેના સંદેશની જાગૃતિ આગવી કોમ્યુનિકેશન સૂઝથી વિકસાવેલી. તેમણે પ્રવર્તમાન યુગમાં આધુનિક મિડીયા સંચાર માધ્યમોના વ્યાપક ઉપયોગ વચ્ચે ડૉ. કાકડીયાનું આ પુસ્તક યુવા પેઢીને પૂરાતન પ્રચાર-સંચાર માધ્યમોની અસરકારકતાથી અવગત કરાવશે તેવી અપેક્ષા પણ વ્યકત કરી હતી. ગાંધીજીના પૌત્રીના પૌત્રી ડૉ. સોનલબહેન પરીખે આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને નવજીવન પ્રેસ દ્વારા પ્રકાશિત કરાયું છે. સંચારના એક શાશ્વત સાધન તરીકે ''આત્મિક પ્રત્યાયન''માં ગાંધીજીની નિપુણતાને ઉજાગર કરતા આ પુસ્તકમાં વિવિધ ચિન્હો દ્વારા પણ સંદેશ પ્રસાર કેવી રીતે થતો હતો તેનું હૂબહૂ વર્ણન કરાયું છે.મનોરંજન વિભાગના ભૂતપૂર્વ કમિશનરને હાલ ગ્રામીણ વિકાસ વિભાગમાં વિશેષ નિદેશક તરીકે ફરજ બજાવતા લેખક ડૉ. ધીરજ કાકડીયાએ કહ્યું કે પુસ્તક એ મારા પીએચડીના શોધનિબંધની નિષ્પતિ છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા ગાંધીની ચૌદ જેટલી અનોખી ચેષ્ટાઓ એક અનૌપચારિક મુલાકાતમાં વર્ણાવી હતી જેને લેખકે આ પુસ્તકમાં હૂબહૂ રજુ કરી છે. ચરખો, ગાંધી ટોપી જેવા ચિન્હો દ્વારા કે પ્રતીકો દ્વારા પ્રત્યાયનની મહાત્મા ગાંધીની વિદ્વત્તા ઉપર પુસ્તકમાં લેખક ડૉ. ધીરજ કાકડીયાએ સમુચિત પ્રકાશ ફેંકયો છે.